પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૨૨૪ • કુલ પાના : ૪ • તારીખ : ૧૬-૦૫-૨૦૨૪ ગુરુવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com


પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## પીઓકે ભારતનો એક ભાગ છે અને અમે તેને મેળવીને જ રહીશું,કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ

કોલકતા,

લોકસભા ચૂંટણીના પ્રચાર વચ્ચે અમિત શાહે ફરી એકવાર પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે)ને લઈને મોટું નિવેદન આપ્યું છે.પીઓકેમાં ચાલી રહેલા હિંસક વિરોધનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે,પીઓકે ભારતનો એક ભાગ છે અને અમે તેને મેળવીને જ રહીશું. તેમણે એમ પણ કહ્યું કે, આજે ભારતીય કાશ્મીરમાં નહીં પણ પીઓકેમાં પથ્થરમારો થઈ રહ્યો છે. શ્રીરામપુરમાં એક રેલીને સંબોધતા અમિત શાહે કહ્યું કે, ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ એક સમયે અશાંત કાશ્મીરમાં શાંતિ પાછી આવી છે પરંતુ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર હવે વિરોધ અને આઝાદીના નારાઓથી ગુંજી રહ્યું છે.

પશ્ચિમ બંગાળમાં એક ચૂંટણી રેલીને સંબોધતા અમિત શાહે કહ્યું કે, સરકારે ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ કર્યા બાદ કાશ્મીરમાં શાંતિ પાછી આવી છે પરંતુ હવે અમે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં વિરોધ જોઈ રહ્યા છીએ. પહેલા અહીં આઝાદીના નારા સંભળાતા હતા હવે એ જ નારા પીઓકેમાં સંભળાય છે. પહેલા અહીં પથ્થરમારો થતો હતો હવે પીઓકેમાં પથ્થરબાજી થઈ રહી છે.પીઓકે પર કબજો કરવાની માંગને સમર્થન ન આપવા બદલ કોંગ્રેસના નેતાઓ પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું,



મણિશંકર ઐયર જેવા કોંગ્રેસના નેતાઓ કહે છે કે, આવુ ન કરવું જોઈએ કારણ કે તેમની પાસે પરમાણુ બોમ્બ છે. હું કહેવા માંગુ છું કે, તે ભારતનો એક ભાગ છે અને અમે તેને (પીઓકે) લઈશું.

અમિત શાહે કહ્યું કે વર્તમાન લોકસભા ચૂંટણી એ ઈન્ડિયા ગઠબંધનના ભ્રષ્ટ નેતાઓ અને પ્રામાણિક રાજકારણી નરેન્દ્ર મોદી વચ્ચે પસંદગી કરવાની ચૂંટણી છે. મોદી મુખ્યપ્રધાન અને વડા પ્ધાન હોવા છતાં તેમના પર ક્યારેય એક પૈસો પણ આરોપ લાગ્યો નથી. તેમણે કહ્યું, પશ્ચિમ બંગાળને નક્કી કરવાનું છે કે તે ઘૂસણખોરો ઈચ્છે છે કે, શરણાર્થીઓ માટે નાગરિકતા સંશોધન કાયદો . બંગાળે નક્કી કરવાનું છે કે, તેમણે જેહાદને મત આપવો છે કે વિકાસને મત આપવો છે.

અમિત શાહે પશ્ચિમ બંગાળમાં ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે પણ સીએએના સમર્થનમાં વાત કરી હતી. ગૃહ પ્રધાને પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જીની નાગરિકતા સુધારા કાયદાનો વિરોધ કરવા અને તેમની મત બેંકને ખુશ કરવા માટે 'ઘૂસણખોરોના સમર્થનમાં રેલીઓ કાઢવા' માટે ટીકા કરી હતી. તમને જણાવી દઈએ કે, ભાજપના દિગ્ગજ નેતાઓ સતત પશ્ચિમ બંગાળની મુલાકાતે છે. હવે અમિત શાહે પીઓકેનો મુદ્દો ઉઠાવીને વિપક્ષને ઘેરી લીધા છે. પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં મોંઘવારી મુદ્દે લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે. તેમના પર લાઠીચાર્જ કરવા ઉપરાંત પોલીસ ગોળીઓ પણ ચલાવી રહી છે.કેન્દ્રીય મંત્રી અને બેગુસરાય લોકસભા સીટ પરથી ભાજપના ઉમેદવાર ગિરિરાજ સિંહે કોંગ્રેસ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી દેશ છોડીને ભાગી જવાના છે. તેમને દેશ પ્રત્યે કોઈ પ્રેમ નથી. આ વખતે તેમને ગત વખત કરતા ઓછી બેઠકો મળશે અને તેઓ ઈન્ડિયા ગઠબંધન તૂટી પડશે.ગિરિરાજ સિંહે કહ્યું કે જે રીતે આ લોકો ભારતને તોડવાની અને લોકોની સંપત્તિ છીનવી લેવાની વાત કરી રહ્યા છે. મને લાગે છે કે આ મા-દીકરાને દેશ માટે કોઈ પ્રેમ નથી. તેમને ૪૦થી ઓછી બેઠકો મળશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે પોતાને પછાત વર્ગના શુભચિંતક તરીકે રજૂ કરતા રાહુલ ગાંધી અને લાલુ યાદવે કર્ણાટકમાં મુસ્લિમોને ઓબીસીનો દરજ્જો આપીને પછાત વર્ગના આરક્ષણને ખતમ કરી દીધું છે. ભવિષ્યમાં તેઓ દેશને ઈસ્લામિક રાજ્ય બનાવવા માંગે છે.

મમતા બેનર્જી પર પ્રહાર કરતા ગિરિરાજ સિંહે કહ્યું કે મમતા બેનર્જી બંગાળને મુસ્લિમ રાજ્ય બનાવવા માંગે છે. છેલ્લી ચૂંટણીઓમાં, તેના મંત્રીઓ પત્રકારોને 'મિની પાકિસ્તાન' બતાવતા હતા, જેનો અર્થ છે કે તે પશ્ચિમ બંગાળને 'મિની પાકિસ્તાન' બનાવવા માંગે છે. 'ભારતનું પાકિસ્તાન' જ્યારે અમારી સરકાર બનશે, ત્યારે એનઆરસી સીએએ યુસીસી અને વસ્તી નિયંત્રણ લાગુ કરવામાં આવશે અને 'કિમ જોંગ' જેવી તેમની સરમુખત્યારશાહીનો અંત આવશે. વધુમાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે પંડિત જવાહર લાલ નેહરુએ હિંદુઓ સાથે દગો કર્યો હતો. જ્યારે આપણે ૪૦૦ પ્લસ થઈ જઈશું, ત્યારે આપણે વિકાસ અને કાશી, મથુરા અને અયોધ્યા જેવા આપણા વારસાને નવી ઊંચાઈએ લઈ જઈશું.

## મથુરામાં ભવ્ય મંદિર બનશે અને જ્ઞાનવાપીની જગ્યાએ પણ બાબા વિશ્વનાથનું ભવ્ય મંદિર બનશે,સરમા

ગોવાહાટી,

લોકસભાની ચૂંટણી ચાલી રહી છે અને દિલ્હીની ૭ લોકસભા સીટો પર ૨૫ મેએ મતદાન થવાનું છે. મતદાન પહેલા ભાજપે દિલ્હીમાં પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે. ભાજપના મોટા-મોટા નેતાઓ દિલ્હીમાં છે. આટલું જ નહીં, જુદા-જુદા રાજ્યના મુખ્યમંત્રી પોતાની પાર્ટીના ઉમેદવારો માટે રોડ શો કરીને વોટ માંગી રહ્યા છે. ત્યારે હવે આસામના મુખ્યમંત્રી હેમંતા બિસ્વા સરમાએ ભાજપના પૂર્વ દિલ્હીના ઉમેદવાર હર્ષ મલ્હોત્રાના સમર્થનમાં પ્રચાર કર્યો.



આ દરમિયાન મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમાએ કહ્યું કે જો ભાજપ ૪૦૦નો આંકડો પાર કરશે તો મથુરામાં પણ ભવ્ય મંદિર બનાવવામાં આવશે અને જ્ઞાનવાપીની જગ્યાએ પણ બાબા વિશ્વનાથનું ભવ્ય મંદિર બનાવવામાં આવશે. તેમણે કહ્યું કે ગત ચૂંટણીમાં અમે કહ્યું હતું કે રામ મંદિર બનાવવું છે અને આ વખતે જ્યારે અમે ચૂંટણીમાં તમારી વચ્ચે આવ્યા છીએ ત્યારે રામ મંદિર બની ચુક્યું છે. તેથી હવે જીત પણ તો મોટી હોવી જોઈએ, કારણ કે અમે અમારા વચનો પૂરા કર્યા છે. જ્યારે ભાજપ ૪૦૦નો આંકડો પાર કરશે ત્યારે મથુરામાં પણ ભવ્ય મંદિર બનાવવામાં આવશે અને જ્ઞાનવાપીની જગ્યાએ બાબા વિશ્વનાથનું ભવ્ય મંદિર બનશે.

તેમણે કહ્યું કે જ્યારે કોંગ્રેસ અમને પૂછતી રહી કે તમને (ભાજપ) ૪૦૦ થી વધુ સીટો કેમ ઈચ્છો છો, તો મને લાગ્યું કે આનો જવાબ પણ હોવો જોઈએ. તો મેં કહ્યું કે જ્યારે અમારી ૩૦૦ સીટો હતી ત્યારે અમે રામ મંદિર બનાવ્યું. હવે અમારી ૪૦૦ સીટો હશે તો મથુરામાં પણ કૃષ્ણ જન્મભૂમિ બનશે અને જ્ઞાનવાપી મસ્જિદની જગ્યાએ બાબા વિશ્વનાથનું ભવ્ય મંદિર બનશે તો અમને સીટો આપતા રહો અને અમે મુગલોએ જે કારનામા કર્યા, એ સાફ કરતા જઈશું.

આસામના સીએમએ વધુમાં કહ્યું કે જ્યારે કોંગ્રેસ સત્તામાં હતી, ત્યારે અમને કહેવામાં આવ્યું હતું કે એક રીતે, કાશ્મીર ભારતમાં પણ છે અને પાકિસ્તાનમાં પણ છે. આપણી સંસદમાં ક્યારેય એ વાત પર ચર્ચા થતી ન હતી કે જે કાશ્મીર પાકિસ્તાન પાસે છે તે ખરેખર આપણું છે. છેલ્લા ૭ દિવસથી ત્યાંથી તસવીરો આવી રહી છે, દરરોજ ત્યાં પ્રદર્શન થઈ રહ્યા છે અને ત્યાંના લોકો ભારતીય ઝંડા લઈને પાકિસ્તાન વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યા છે. એ જોઈને મને લાગે છે કે આ શરૂઆત છે. મોદીજીને ૪૦૦ સીટો મળશે તો પીઓકે પણ ભારતનું થઈ જશે. શરૂઆત થઈ ચુકી છે. એટલે હું કોંગ્રેસને કહેવા માંગુ છું કે અમને ૪૦૦ સીટો કેમ જોઈએ છે.

હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે પહેલા જ્યારે તેઓ દિલ્હી આવ્યા ત્યારે તેમને લાલ કિલ્લો અને કુતુબ મિનાર જોવાનું કહેવામાં આવતું હતું અને હવે મોહલ્લા ક્લિનિક જોવાનું કહેવામાં આવે છે, પરંતુ આજે જ્યારે તેઓ મોહલ્લા ક્લિનિક જોવા ગયા ત્યારે તેમને આશ્ચર્ય થયું કે શું દિલ્હીની ઓળખ મોહલ્લા ક્લિનિક છે તો પછી દેશનું સન્માન ક્યાં છે? આસામના દરેક જિલ્લામાં મેડિકલ કોલેજો બની રહી છે અને જ્યારે દિલ્હીમાં સરકાર આવશે તો આપણે અહીં મોહલ્લા ક્લિનિક કેમ બનાવીશું, અહીં સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ બનાવીશું, મેડિકલ કોલેજ બનાવીશું.

કેજરીવાલ પર ટિપ્પણી કરતા તેમણે કહ્યું કે જેલમાંથી છૂટેલો એક ભ્રષ્ટ વ્યક્તિ કહે છે કે ભાજપ ૨૦૦ને પાર નહીં કરે, તો દેશની જનતા તો ૪૦૦ને પાર ભાજપને એમ પણ મોકલી રહી છે. પછી એક ચોર અને તિહારમાંથી વચગાળાના જામીન પર બહાર આવેલા ભ્રષ્ટ વ્યક્તિની વાતો પર કેમ ધ્યાન આપવું. અમારી સામે કેજરીવાલ કોઈ એજન્ડા નથી, કારણ કે જેને દેશનો વિકાસ કરવો હોય, એને કોઈ બીજો કોઈ પડકાર દેખાતો નથી. આજે દેશના લોકોને પણ લાગે છે કે ભારત માટે કંઈ સારું થશે તો મોદી સરકાર જ કરી શકે છે.

## એક જ બેઠક પરથી ત્રણ વખત ચૂંટણી લડનારા મોદી ત્રીજા વડાપ્રધાન છે, આ વખતે જીતનો રેકોર્ડ બનાવવાની આશા

નવીદિલ્હી,

ત્રીજી વખત વારાણસી સંસદીય બેઠક પરથી ઉમેદવારી નોંધાવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ અને ભારત રત્ન પંડિત અટલ બિહારી વાજપેયીની બરાબરી કરી લીધી છે. બંને ભૂતપૂર્વ વડા પ્રધાનો પોતપોતાના મતવિસ્તાર (એક જ લોકસભા)માંથી ચૂંટણી લડ્યા હતા અને જંગી મતોથી જીત્યા હતા. હવે મોદીએ આ જ લોકસભા સીટ પરથી ચૂંટણી લડીને પીએમ તરીકે ત્રીજી વખત ચૂંટણીમાં બરાબરી કરી લીધી છે.

પંડિત નેહરુ ૧૯૫૧-૫૨, ૧૯૫૭ અને ૧૯૬૨માં ત્રણ વખત પ્રયાગરાજ જિલ્લાની ફુલપુર બેઠક પરથી સાંસદ હતા અને ત્રણેય વખત તેમણે વડાપ્રધાન તરીકે દેશની બાગડોર સંભાળી હતી. પંડિત નેહરુને દેશના પ્રથમ વડાપ્રધાન બનવાનું ગૌરવ પ્રાપ્ત થયું હતું. જો કે ભારત રત્ન પંડિત અટલ બિહારી વાજપેયી પાંચ વખત લખનૌથી સાંસદ રહી ચૂક્યા છે, પરંતુ ૧૯૯૬, ૧૯૯૮ અને ૧૯૯૯માં સાંસદ બન્યા બાદ તેમને વડાપ્રધાન પદ પર રહેવાનું સન્માન મળ્યું.

હવે નરેન્દ્ર મોદી ૨૦૧૪ અને ૨૦૧૯માં વારાણસીના સાંસદ તરીકે ચૂંટાયા હતા. બંને વખત કેન્દ્રમાં તેમના નેતૃત્વમાં મજબૂત બહુમતી સાથે સરકારો બની હતી. વારાણસીથી ફરી ત્રીજી વખત ઉમેદવારી નોંધાવીને મોદીએ એક જ લોકસભા બેઠક પરથી સતત ત્રણ વખત ચૂંટણી લડનારા બંને પૂર્વ વડાપ્રધાનોની બરાબરી કરી લીધી છે.

૧૪ માંથી નવ વડાપ્રધાનો યુપીના છેઃ ભારતના લોકશાહી ઈતિહાસમાં ૧૪ વડાપ્રધાનો રહ્યા છે, જેમાંથી નવ ઉત્તર પ્રદેશમાંથી આવ્યા છે. પંડિત જવાહર લાલ નેહરુથી શરૂ થયેલો આ ટ્રેન્ડ નરેન્દ્ર મોદી સુધી પહોંચ્યો છે. આ સમયગાળા દરમિયાન લાલ બહાદુર શાસ્ત્રી, ઈન્દિરા ગાંધી, ચૌધરી ચરણ સિંહ, રાજીવ ગાંધી, વિશ્વનાથ પ્રતાપ સિંહ, ચંદ્રશેખર, અટલ બિહારી વાજપેયી યુપીની વિવિધ બેઠકો પરથી ચૂંટણી જીતીને સંસદમાં પહોંચ્યા અને ચૂંટાયેલા સાંસદોએ તેમને વડાપ્રધાન તરીકે તેમના નેતા તરીકે પસંદ કર્યા. .વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીનો બે ટર્મનો કાર્યકાળ નવ વર્ષ અને ૩૫૦ દિવસનો છે. જો કે સૌથી લાંબા સમય સુધી વડાપ્રધાન તરીકે સેવા આપવાનો રેકોર્ડ દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહર લાલ નેહરુના નામે છે.નેહરુ ૧૬ વર્ષ અને ૨૮૬ દિવસ સુધી દેશના વડાપ્રધાન રહ્યા. બીજો નંબર તેમની પુત્રી ઈન્દિરા ગાંધીનો છે. ઈન્દિરાએ ૧૧ વર્ષ અને ૫૯ દિવસ વડાપ્રધાન તરીકે દેશ પર શાસન કર્યુ. મનમોહન સિંહ દસ વર્ષ અને ચાર દિવસ દેશના પીએમ હતા. કાર્યકાળની દૃષ્ટિએ તેઓ ત્રીજા સ્થાને છે.

પીએમ જેમણે પોતાનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યો છેજવાહર લાલ નેહરુ - ૧૬ વર્ષ ૨૮૬ દિવસઈન્દિરા ગાંધી - ૧૧ વર્ષ ૫૯ દિવસમનમોહન સિંહ - ૧૦ વર્ષ ૦૪ દિવસનરેન્દ્ર મોદી - ૯ વર્ષ ૩૫૦ દિવસઅટલ બિહારી વાજપેયી - ૬ વર્ષ ૬૪ દિવસરાજીવ ગાંધી--૫ વર્ષ ૩૨ દિવસ

## જો ભારત કોઈ દુઃસાહસ કરશે તો જવાબ આપીશું, પાકિસ્તાનની ધમકી

નવીદિલ્હી,

તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષ પર નિશાન સાધતા 'પાકિસ્તાનને બંગડીઓ પહેરાવવાનું' નિવેદન આપ્યું હતું, જેના પર પાકિસ્તાન ભારે ગુસ્સે થયું છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારતના નેતાઓએ તેમના ચૂંટણી લાભ માટે પાકિસ્તાનને સ્થાનિક રાજકારણમાં ઢસડવાનું બંધ કરવું જોઈએ. આ સાથે પાકિસ્તાને ભારતને ચેતવણી પણ આપી છે કે જો ભારત કોઈ પગલું ભરશે તો તેનો જવાબ આપતાં ખચકાશે નહીં. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા મુમતાઝ ઝહરા બલોચે પાકિસ્તાન અંગે વડાપ્રધાન મોદી અને અન્ય કેબિનેટ મંત્રીઓની ટિપ્પણીઓને લઈને એક નિવેદન જારી કરીને કહ્યું કે, 'અમે આંતરરાષ્ટ્રીય સમુદાયને ભારતીય નેતાઓના આક્રમક નિવેદનો પર ધ્યાન આપવાનું આહ્વાન કરીએ છીએ. આ પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા માટે ખતરો છે.

પ્રવક્તાએ કહ્યું કે ભારતમાં ચાલી રહેલા લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન ભારતીય નેતાઓ દ્વારા પાકિસ્તાન વિરોધી નિવેદનબાજીમાં વધારો થયો છે, જેને પાકિસ્તાન નકારે છે. પાકિસ્તાની પ્રવક્તાએ વધુમાં કહ્યું કે, 'અફસોસની વાત એ છે કે આ નિવેદનો પાકિસ્તાન પ્રત્યે નફરત અને ઊંડો જુસ્સો દર્શાવે છે. તેના પરથી સ્પષ્ટ થાય છે કે આ નિવેદનો જાણીજોઈને કરીને નેતાઓ ચૂંટણીલક્ષી લાભ માટે અતિ રાષ્ટ્રવાદનો લાભ લેવા માગે છે. આ નિવેદનો વધતી જતી સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ટીકાઓથી ધ્યાન હટાવવાનો ભયાવહ પ્રયાસ પણ સૂચવે છે. ઝહરા બલોચે પોતાના નિવેદનમાં વધુમાં કહ્યું કે પાકિસ્તાનની વ્યૂહાત્મક ક્ષમતાનો હેતુ તેની સાર્વભૌમત્વ અને તેની ક્ષેત્રીય અખંડિતતાની રક્ષા કરવાનો છે.પાકિસ્તાની પ્રવક્તાએ ભારત પર નિશાન સાધતા વધુમાં કહ્યું કે, 'પાકિસ્તાને ભૂતકાળમાં પણ પોતાની રક્ષા કરવાનો સંકલ્પ બતાવ્યો છે અને જો ભારતીય પક્ષ કોઈ પણ દુઃસાહસ કરશે તો અમે ભવિષ્યમાં પણ તેનો જવાબ આપવામાં ખચકાશું નહીં. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે થોડા સમય પહેલા કહ્યું હતું કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર પર બળજબરીથી કબજો કરવાની જરૂર નથી, ત્યાંના લોકો પોતે જ ભારત સાથે જોડાશે. સંરક્ષણ મંત્રીના આ નિવેદનનો જવાબ આપતા જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારુક અબ્દુલ્લાએ કહ્યું હતું કે, 'જો સંરક્ષણ મંત્રી આવું કહેતા હોય તો ભલે બોલે આપણે કોને રોકીએ છીએ? પણ યાદ રાખજો, પાકિસ્તાને બંગડીઓ પહેરી નથી. તેની પાસે પરમાણુ બોમ્બ છે અને કમનસીબે તે આપણા પર પડશે. ફારુક અબ્દુલ્લાના આ નિવેદન પર ભાજપે ભારે હોબાળો મચાવ્યો હતો અને કહ્યું કે વિપક્ષના ગઠબંધનના નેતાઓ પર પાકિસ્તાનની છાપ દેખાઈ રહી છે.આ પછી બિહારના મુઝફ્ફરપુરમાં ચૂંટણી રેલીને સંબોધતા પીએમ મોદીએ કહ્યું હતું કે, 'આ લોકો એટલા ડરી ગયા છે કે તેઓ રાત્રે સપનામાં પણ પરમાણુ બોમ્બ જુએ છે.ઈન્ડિયા ગઠબંધનના નેતાઓના નિવેદનો જુઓ... તેઓ કહે છે કે પાકિસ્તાને બંગડીઓ પહેરી નથી. અરે ભાઈ હું પહેરાવી દઈશ. તેમને લોટ પણ જોઈએ છે, વીજળી નથી. હવે અમને ખબર ન હતી કે તેમની પાસે બંગડીઓ પણ નથી.

## હોસ્ટેલમાં નશીલા દાળ-ભાત ખવડાવીને આખી રાત બાળકીને નોંચી

ભોપાલ

ભોપાલની પ્રાઈવેટ સ્કૂલની હોસ્ટેલમાં ૮ વર્ષની માસૂમ પર ભયાનક દરિંદગી સામે આવી છે. ખાનગી શાળાની છાત્રાલયમાં સંચાલક મિનિરાજ મોદીએ ૮ વર્ષની બાળકી પર આખી રાતે રેપ કર્યો હતો. ૧૯ એપ્રિલે ભોપાલની ખાનગી હોસ્ટેલમાં પીડિતાને દાખલ કરવામાં આવી હતી. ત્યાર પછી તેની સાથે જે બન્યું તે થથરાવી મૂકે તેવું છે.

એક વીડિયો કોલ દરમિયાન, બાળકીએ રડવાનું શરું કર્યું હતું અને લોહી વહી રહ્યું છે તેવું માતાને કહ્યું બરાબર ત્યારે વોર્ડને ફોન કાપી નાખ્યો, આ પછી બીજા દિવસે સવારે માતા તેની પુત્રીને મળવા શાળાએ પહોંચી, જેણે તેણીને જાણ કરી કે વોર્ડને તેણીને દાળ-ચાવલ આપ્યા બાદ તેણી સૂઈ ગઈ હતી. કલાકો પછી ભાનમાં આવી ત્યારે તે અલગ રુમમાં એક દાઢીવાળા અંકલ સાથે રુમમાં હતી અને દાઢીવાળો માણસ તેની સાથે ખોટું કામ કરી રહ્યો હતો. પીડિતાએ કહ્યું કે રુમમાં બીજો પણ એક માણસ હાજર હતો, જે બોલતો હતો કે મોદી સાહેબ, બાળકી ભાનમાં આવી ગઈ, તેમ છતાં પણ દાઢીવાળાએ કંઈ ન સાંભળ્યું કે રેપ કરતો રહ્યો. પીડિતાની ફરિયાદ અનુસાર, દાઢીવાળો શખ્સ મિનિરાજ મોદી હતા જે સ્કૂલનો સંચાલક હતો. તેણે આખી રાતે તેની પર રેપ કર્યો હતો.

જ્યારે છોકરી બીજા દિવસે સવારે હોશમાં આવી, ત્યારે તે તેના રૂમમાં પાછી આવી ગઈ હતી. બાદમાં, તેણીને તેના પેટમાં દુખાવો થવા લાગ્યો અને તેણે વોર્ડનને જાણ કરી જેણે તેણીને ગંભીર પરિણામોની ધમકી આપી. જોકે તેણીએ રવિવારે તેની માતાને જાણ કરી દીધી હતી. ભોપાલની જય પ્રકાશ સરકારી હોસ્પિટલમાં બાળકીની મેડિકલ તપાસમાં બળાત્કારની પુષ્ટિ થઈ છે. "ફરિયાદના આધારે, અમે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ (બળાત્કાર) અને જાતીય અપરાધથી બાળકોના રક્ષણની સંબંધિત કલમો હેઠળ હોસ્ટેલ વોર્ડન સહિત ત્રણ લોકો સામે પ્રથમ માહિતી અહેવાલ (એફઆઈઆર) નોંધ્યો છે. પોક્સો) એક્ટ.

પીડિતાએ સ્કૂલ સંચાલક મિનિરાજ મોદીને ઓળખી દેખાડ્યો છે. મિનિરાજ મોદીએ વોર્ડન પાસે બાળકીને નશીલા દાળ-ભાત ખવડાવીને બેભાન કરીને અલગ રુમમાં લાવવાનું કહ્યું હતું અને ત્યાર બાદ બીજા શખ્સની હાજરીમાં બાળકી પર આખી રાત રેપ કર્યો હતો. વચ્ચે એક વાર બાળકી ભાનમાં આવી ગઈ હતી તેમ છતાં પણ દરિંદાએ પોતાની વાસના સંતોષવાનું ચાલું રાખ્યું હતું.

## કમોસમી વરસાદના કારણે થયેલા નુકસાનને પહોંચી વળવા કૃષિ વિભાગે જરુરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી છે

ગાંધીનગર,

કમોસમી વરસાદે સમગ્ર ગુજરાતમાં મોટા પાયે નુકસાન થયુ છે. આ વરસાદના કારણે કેળા, પપૈયા અને કેરીને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. નર્મદા સહિત કેટલાક જિલ્લામાં હજારો હેક્ટર જમીન પર કેળાનું વાવેતર થયુ હતુ, કમોસમી વરસાદના કારણે જે જમીન દોસ્ત થયા છે અને ખેડૂતોએ રોવાનો વારો આવ્યો છે. કમોસમી વરસાદના કારણે થયેલા નુકસાનને પગલે કૃષિ વિભાગે જરુરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી છે.

વરસાદના કારણે ફળોનો પાક જેમકે પપૈયા, કેળા, કેરીના પાકને મોટા પાયે નુકસાન થયુ છે. ઉનાળુ પાક બાજરીને નુકસાનની સંભાવના છે. તો પવનના કારણે આંબાવાડીઓમાં કેરી ખરી પડતા ખેડૂતોને નુકસાન થયુ છે. કમોસમી વરસાદના કારણે થયેલા નુકસાનને પહોંચી વળવા કૃષિ વિભાગે જરુરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી છે.ગઈ કાલે વરસાદમાં કેરી અને ઉનાળુ પાક બાજરીને નુકસાનની સંભાવના છે. કૃષિ પ્રધાન રાઘવજી પટેલે જણાવ્યુ હતુ કે ખેતી પાકોને જ્યાં નુકસાન થયુ છે ત્યાં સરવેની સૂચના આપી છે. હજુ પણ માવઠાની આગાહી હોવાથી રિપોર્ટ ૧૭ મે બાદ જાણવા મળશે. મુખ્યમંત્રીએ પણ અધિકારીઓ સાથે બેઠક કરી સ્થિતિની સમીક્ષા કરી તંત્રને સૂચનાઓ આપી છે. તેમણે જણાવ્યુ કે સરકાર કમોસમી વરસાદને લઈ જે સ્થિતિ ઉભી થવાની છે તે મુદ્દે સક્રિય છે.

## કેરલમાં વધુ એક ગંભીર બીમારી ફેલાઈ,અત્યાર સુધી ૫૦૦૦થી વધુ કેસ, ૪ જિલ્લા એલર્ટ

કોચ્ચી,

કેરળમાં હેપેટાઈટિસ એ વાયરસ ખૂબ કહેર વરતાવી રહ્યો છે. આ વર્ષમાં અત્યાર સુધીમાં કેરળમાં હેપેટાઈટિસ એ ના ૧૯૭૭ કેસ સામે આવ્યા છે. ૧૨ લોકોના મોત નીપજ્યા છે. આ સિવાય પ્રદેશમાં ૫૫૩૬થી વધુ શંકાસ્પદ કેસ પણ સામે આવ્યા છે. જોકે તેની પુષ્ટિ તંત્ર તરફથી કરવામાં આવી નથી. આ તમામ દર્દી તે છે જે સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ગયા નથી.કેરળના આરોગ્ય મંત્રી વીણા જ્યોર્જે હેપેટાઈટિસ એ ના પ્રકોપને જોતા કોઝિકોડ, મલપ્પુરમ, ત્રિશુર અને એર્નાકુલમમાં એલર્ટ જારી કર્યું છે. આ જિલ્લામાં સૌથી વધુ કેસ સામે આવ્યા છે. તમામ જિલ્લાના જાહેર જળાશયોમાં ક્લોરીન નાખવામાં આવી રહ્યું છે. આ સિવાય રેસ્ટોરન્ટમાં પણ ઉકાળેલું પાણી જ ઉપયોગ કરવામાં આવી રહ્યું છે.આરોગ્ય મંત્રાલય અનુસાર પ્રદેશમાં આ વર્ષે છેલ્લા ૭ વર્ષની તુલનામાં સર્વાધિક મામલા નોંધાયા છે. હેપેટાઈટિસ એ ના નિષ્ણાત એનએમ અરુણે જણાવ્યું કે તાજેતરના વર્ષોમાં રાજ્યમાં પાણીની ગુણવત્તામાં ખૂબ ઘટાડો આવ્યો છે. જાણકારી અનુસાર હેપેટાઈટિસ એ સંક્રમિત વ્યક્તિઓના મળથી ફેલાતો રોગ છે. ઘણા સ્થળો પર પાઈપલાઈનોના લીકેજના કારણે આ મળ શુદ્ધ જળના સંપર્કમાં આવી જાય છે. ઉનાળામાં પાણીના અનિયમિત પુરવઠાના કારણે આ સ્થિતિ વધુ ખતરનાક થઈ જાય છે. જાણકારી અનુસાર સૌથી વધુ કેસ એર્નાકુલમ જિલ્લાના વેંગૂર પંચાયતથી સામે આવ્યા છે. ત્યાં ૧૭ એપ્રિલ બાદથી અત્યાર સુધી ૨૦૦ લોકો સંક્રમિત થયા છે. તેમાંથી ૪૧ લોકો ગંભીર રીતે બીમાર છે અને હોસ્પિટલમાં દાખલ છે. એક યુવકનું મોત નીપજ્યું છે. વધુ જાણકારી આપતા શિલ્પા સુધીશે જણાવ્યું કે મહામારી રાજ્ય જળ સત્તા મંડળ દ્વારા પુરવઠામાં આવેલા દુષિત પાણીના કારણે હેપેટાઈટિસ એ જેવી બીમારી ફેલાઈ છે. તેમણે જણાવ્યું કે પાણીમાં ક્લોરીન નાખવામાં આવ્યુ નહોતું.

## ગંગોત્રી-યમુનોત્રીમાં ન પાણી- ન ભોજનની વ્યવસ્થા, રોડ પર વિતાવી રાત, ૧૦ લોકોના મોત

દહેરાદુન,

ચારધામની શરૂઆતમાં ગંગોત્રી અને યમુનોત્રી ધામમાં શ્રદ્ધાળુઓની ઉમટવાના બધા રેકોર્ડ તૂટી ગયા છે. તીર્થયાત્રીઓની સંખ્યામાં ભારે વધારા વચ્ચે બદ્રીનાથ અને કેદારનાથમાં તો હાલાત ઠીક છે. તેનાથી ઉલટું ગંગોત્રી-યમુનોત્રીમાં દર્શન માટે પહોંચેલા શ્રદ્ધાળુઓ હજુ સુધી પરેશાન છે. થોડા દિવસો પહેલાં યમુનોત્રીની સ્થિતિ પર વાયરલ થયેલા વિડીયો પર ઉત્તરાખંડ સરકારે પરિસ્થિતિ પર કાબૂ મેળવવનો દાવો કર્યો પરંતુ પરેશાની જૈસે થે જેવી જ છે. જો તમે પણ ઉત્તરાખંડમાં ચાર ધામ યાત્રા કરવાનો પ્લાન બનાવી રહ્યા છો તો હાલ તેને ટાળી દો, કારણ કે ગંગોત્રી યમુનોત્રી ધામમાં રેકોર્ડ બ્રેક ભીડના લીધે સરકારી વ્યવસ્થાઓ ધ્વસ્ત થઈ ગઈ છે. બંને ધામો માટે જ્યારે તમે હરિદ્વારથી









આગળ વધો છો તો ૧૭૦ કિમી દૂર બરકોટ સુધી ૪૫ કિમી લાંબો જામ જોવા મળશે.બરકોટથી આગળ યમુનોત્રી અને ગંગોત્રી જવાના માર્ગો છે. ત્યાં બધે જ ટ્રાફિક જામ છે. અહીંથી ઉત્તરકાશી સુધીનો ૩૦ કિમીનો માર્ગ વન-વે છે, તેથી મંદિરથી પાછા ફરતા વાહનોને પહેલા બહાર કાઢવામાં આવી રહ્યા છે. મંદિર જતી ટ્રેનો ૨૦-૨૫ કલાક પછી આવી રહી છે.યમુનોત્રી-ગંગોત્રી જઈ રહેલા શ્રદ્ધાળુઓમાં ગત ચાર દિવસમાં ૧૦ લોકોએ રસ્તામાં જ દમ તોડી દીધો છે. તેમાં ૫ લોકોના મોત મંગળવારે થયા હતા. ત્રણે એવા છે જેમણે ગાડીમાં જ દમ તોડી દીધો છે. ૧૦ શ્રદ્ધાળુઓના મોત થયા છે. તેમની બધાની ઉંમર ૫૦ વર્ષથી ઉપર હતી. તેમાંથી ૪ ને ડાયાબિટીઝની સાથે સાથે બ્લડ પ્રેશરથી પણ પીડિતા હતા. માહિતીનો પ્રસાર હવે સરળ થઈ ગયો છે. પળ પળના સમાચાર હવે લાઈવ લોકેશન પર આવી જાય છે. ગૂગલ પોતાના મેપ પર બતાવે છે કે ક્યાં કેટલો જામ છે? તમામ રિપોર્ટ્સ ના અનુસાર યમુનોત્રી-ગંગોત્રીમાં હાલત એવી છે કે ભારે ભીડના કારણે રસ્તા પર લાંબો જામ જોવા મળે છે. ગાડીઓ ફસાયેલી છે. લોકોને હોટલ અને ધર્મશાળાઓ સરળતાથી મળી રહી નથી. એવામાં ઘણા લોકો રસ્તા પર ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર

# ૭૫ વર્ષના 'સાયબા'એ ૬૦ વર્ષની કંકુ સાથે લગ્ન કર્યા: પ્રભુતામાં પગલાં પાડતાં વરરાજાએ કહ્યું 'લગ્ન કર્યા વિના મરી જાઉં તો લોકો કહેશે કે કુંવારો મરી ગયો

લુણાવાડા, મહીસાગર જીલ્લામાં એક અનોખા લગ્ન જોવા મળ્યા હતા. જેમાં ૭૫ વર્ષના સાયબાભાઈએ ૬૦ વર્ષની કંકુબેન સાથે પ્રભુતામાં પગલાં પાડચા હતા. આ પ્રસંગે વરરાજાએ જણાવ્યું હતું કે, લગ્ન કર્યા વિના મરી જાવ તો લોકો કહે કુંવારો મરી ગયો માટે મારી ઢળતી ઉંમરે એક જ ઈચ્છા હતી કે, મારા લગ્ન થાય. હું આજે લગ્ન કરીને ઘણો ખુશ છું. મેં મારા જીવનના ઉત્સવમાં આખા ગામને જમાડચું છે. ઉલ્લખનીય છે કે, સાયબાભાઈ વિધુર હતા. જ્યારે કંકુબેન પણ વિધવા હતા. જે બંને એકલવાયું જીવન જીવતા હતા.

મંદિરમાં સમાજના રિતીરિવાજ મુજબ લગ્ન કર્યા મહીસાગર જીલ્લામાં એક અનોખા લગ્ન યોજાયા છે. જેમાં યુવાન યુવતી નહિ પરંતુ વૃદ્ધ અને વૃદ્ધાએ લગ્ન કરી પ્રભુતામાં પગલાં માંડચા છે. મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના અમેઠી ગામની કે જ્યાં, રહેતા ૭૫ વર્ષીય સાયબાભાઈ ડામોર જે પોતાનું એકલવાયુ જીવન જીવતા હતા. જેઓ ઘડપણનો કોઈ સહારો ન હોવાથી પોતે ૭૫ વર્ષે પરણ્યા છે. ગામ લોકના સાહિયોગથી એકલવાયું જીવન જીવતા આ વૃદ્ધને ધામધૂમપૂર્વક ડીજે સાથે વરઘોડો કાઢી અને પરણાવવા આવ્યા છે. ત્યારે આ અનોખા વૃદ્ધના લગ્નમાં આખુય ગામ જોડાયું હતું. ગામના જ એક મંદિરમાં સમાજના રિતીરિવાજ



મુજબ લગ્ન કર્યા છે. ખાનપુર તાલુકાના અમેઠી ગામે રહેતા એક ૭૫ વર્ષીય વૃદ્ધ લગ્નગ્રંથીએ જોડાયા છે. આ લગ્નમાં આખુય ગામ જોડાયું હતું. સાયબાભાઈ છેલ્લા ૭૫ વર્ષથી એકલવાયું જીવન જીવતા હતા. જેથી ઘડપણના સહારા માટે તેઓએ લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો. ૭૫ વર્ષની ઉંમરે આગળ પાછળ કોઈ સહારારૂપ હતું નહીં માટે એકલવાયું જીવન અને ઘડપણનો આશરો બની રહે તેવા હેતુથી આખાય ગામની સંમતિથી સાયબાભાઈ ડામોર પોતાનું જીવનનિર્વાહ કરવા માટે અંદાજીત ૬૦ વર્ષના કંકુબેન સાથે લગ્ન કર્યા છે.

સાયબભાઈ જમવાથી લઈને તમામ ઘરના કામ વર્ષોથી પોતાની જાતે કરતા હતા ત્યારે, સમાજના કેટલાક માણસોએ તેમના એકલતાનો સહારો અપાવવા અને તેમને આ ઉંમરે કોઈ જમવાનું બનાવી આપે તે માટે તેમના સમકક્ષ પાત્ર સાથે મંદિરમાં જઈ ડીજેના તાલે નાચગાન સાથે ધામધૂમપૂર્વક લગ્ન કરાવ્યા હતા. ત્યારે સાયબાભાઈ ડામોરે પણ લગ્નપ્રસંગમાં ગામ લોકોને જમાડી ઉત્સાહપૂર્વક લગ્ન કર્યા હતા. છેલ્લે છેલ્લે ઢળતી ઉંમરે તેઓની એક આશા હતી કે તેમના લગ્ન થાય. ત્યારે તેમની આ ઈચ્છા પૂરી થતાં તેઓ લગ્ન કરીને ખૂબ ખુશ છે.

વરરાજા સાયબાભાઈ ડામોરે જણાવ્યું હતું કે, મેં ૭૫ વર્ષની ઉંમરે લગ્ન કર્યા છે. મારે લાકડી પકડીને બધું કામ કરવું પડે છે, એના કરતાં પરણીને મરી જાઉ તો સારૂં. મારે કોઈ સહારો નથી, છોકરો નથી, કુંવારો મરી જવ તો લોકો કહે કુંવારો મરી ગયો. અત્યારે જેમ બને તેમ ધીરે ધીરે ખેતીકામ કરૂં છું. મેં આજે લગ્ન કરીને બધાને જમાડચું છે. લગ્ન કર્યા પછી હું ખુશ છું.અમેઠી ગામના કનુભાઈ ડામોરે જણાવ્યું હતું કે, સાઈબાભાઈને ઉંમરના હિસાબે આગળ પાછળ કોઈ સારવાર કરી શકે તેમ ન હતું. જે કારણે સમાજે તેમનું ગુજરાન ચાલે તે માટે મગજના થોડા ભોળાબેન હતા તેમની સાથે સમાજની રીતે ધામધૂમપૂર્વક ડીજે સાથે લગ્ન કર્યા છે. જિંદગીમાં તે પરણ્યા નથી એટલે તેમનો ઉત્સવ પૂરો કરી આપ્યો છે. તેઓ ખેતીકામ કરતા અને જમવાનું જાતે બનાવી પોતાનું ગુજરાન ચલાવતા હતા.

ઉલ્લેખનીય છે કે, સાયબાભાઈ ડામોર લગ્ન કરેલા છે. જેમાં તેમની પત્નીનું બીમારીના કારણે થોડા વર્ષો આગાઉ મૃત્યુ થયું હતું. પત્નીના અવસાન બાદ સાયબાભાઈ એકલવાયું જીવન જીવતા હતા. જોકે પ્રાથમિક માહિતી મુજબ સાયબાભાઈને છોકરી છે પરંતુ તેના લગ્ન થઈ ગયા છે. જેથી આ વૃદ્ધ એકલા રહીને પોતાનું ગુજરાન ચલાવતા હતા અને જાતે જ બધુ કામકાજ કરતા હતા. જેથી ૬૦ વર્ષીય કંકુબેન સાથે તેઓએ ફરીથી લગ્ન કર્યા છે.

કંકુબેન અંગે વિગત એવી છે કે, તેઓ મેઘરજ તાલુકાના મૂડસીવાડાના વતની છે. જેઓ પોતાના મોસાળ બાઠીવાડામાં મામાની છોકરીના ઘરે છેલ્લા ૧૦ વર્ષથી રહેતા હતા. જ્યારે કંકુબેનનું પણ મામાની છોકરીના ઘરે રહેતા હતા અને તેઓ પણ એકલવાયું જીવન જીવતા હતા. આગાઉ કંકુબેનના લગ્ન થયેલા પરંતુ તેમના પતિ બીમારીમાં મૃત્યુ પામ્યા હતા. જેથી કંકુબેન મામાની છોકરીના ઘરે રહેતા હતા. ત્યારે સમાજના એકલવાયું જીવન જીવતા બંને વૃદ્ધ કંકુબેન અને સાયબાભાઈએ સમાજના રીત રિવાજ મુજબ બંને લગ્નગ્રંથિએ જોડાયા હતા.

## બાલાસિનોર ડમ્પીંગ સાઈટ મુદ્દે GPCBનું તપાસના નામે નાટક

બાલાસિનોર, બાલાસિનોર ડમ્પીંગ સાઈટમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પૂનઃ પાણીના સેમ્પલ માટે આજરોજ હાલોલ સ્થિત ગુજરાત પ્રદષણ નિયંત્રણ બોર્ડની કચેરી તરફથી અધિકારીઓ બોડેલી ગ્રામ પંચાયતના જમિયતપુરા વિસ્તારમાં આવ્યા હતા. જેમાં ત્રણ કુવામાં પાણીના સેમ્પલ લેતા ગ્રામજનોમાં સેમ્પલ ના નામે નાટક થતું હોવાનું શુર ઉઠયો હતો.પ્રાપ્ર તાલુકાની જમિયતપુરા ની સીમમાં ઝેરી કેમિકલ વેસ્ટ ઘન કચરો ડમ્પ કરવાની મોર્ચા એન્વાયરો નામની સાઈટ કાર્યરત છે. ઝેરી કેમિકલ વેસ્ટ ઘન કચરાથી આસપાસના ખેતીલાયક કૂવાઓમાં લાલ કેમિકલ વાળુ દૂષિત દુર્ગંધયુક્ત પાણી આવ્યું હતું. જેને લઈને આ ડમ્પીંગ સાઈટ બંધ કરાવવા આસપાસના ગ્રામજનો દ્વારા અનેક વાર રજૂઆતો કરવામાં આવી હતી અને લોકસભા ચૂંટણીમાં મતદાન બહિષ્કારની ચીમકી પણ આપવામાં આવી હતી. જેને લઈને બાલાસિનોર નાયબ કલેકટર દ્વારા શરતી હુકમ કરાયો હતો. પરંતુ આ ડમ્પીંગ સાઈટ કાયમી ધોરણે બંધ ન થતાં આજુબાજુના મતદારોએ મિજાજ બતાવી મતદાન બહિષ્કાર કર્યો હતો. ત્યારે અનેકવાર કૂવાઓમાં થી કેમિકલયુક્ત પાણીના સેમ્પલ



લઈ જવામાં આવ્યા હતા. અને ટેસ્ટીગ કરાવતા નાયબ કાર્યપાલક ઈજનેર, બાલાસિનોર જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ દ્વારા પાણી પીવાલાયક ન હોવાનું જણાવ્યું હતુ જ્યારે પૂનઃ GPCB દ્વારા અજીતસિંહ પરમાર, ભલાભાઈ ડાહ્યાભાઈ તેમજ વજાભાઈ બાબરભાઈના કૂવા માંથી પાણીના સેમ્પલ લેવામાં આવ્યા હતા. ત્યારે વારંવાર કેમિકલયુક્ત પાણીના સેમ્પલ લઈ જઈ તપાસ કરવાના બહાને નાટક કરતા હોવાની ચર્ચા ટોક ઓફ ધ ટાઉન બની છે. જ્યારે વેસ્ટ કેમિકલ ડમ્પીંગ સાઈટ ૨૦ મે સુધી બંધ રાખવા માટે હુકમ બાલાસિનોર નાયબ કલેકટર હિરેનભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યો છે.

## બાલાસિનોરના પાંડવા ખાતે ગેરકાયદે ડુંગર ખોદી બાધકાંમ કરનાર સામે અરજી કરાઈ



બાલાસિનોર, બાલાસિનોર તાલુકાની રાજકીય રાજધાની ગણાતા પાંડવા ગામ ખાતે ટીંબા રોડ પર આવેલા ડુંગર અને ખોદીને ગેરકાયદેસર બાંધકામ કરનાર ઈસમ સામે તંત્રદ્વરા પગલાં લેવામાં આવ્યા હતા પ્રાપ્ત વિગતો અનુસાર બાલાસિનોર તાલુકાના પાંડવા સીમમાં ટીંબાના મુવાડા જવાના રસ્તા ઉપર, જીઈબી સબસ્ટેશનની સામેની બાજુમાં સરકારી જમીનમાં ડુંગરમાં ભીખાભાઈ ખાંનાભાઈ માયાવંશીએ ગેરકાયદેસર રીતે જમીનનો કબજો કરેલ છે અને આ જગ્યા ઉપરથી ગેરકાયદેસર રીતે માટી કાઢી વેચાણ કરેલ છે. આ ભીખાભભાઈ ખાંનાભાઈ માયાવંશીએ જમીન પચાવી પાડવાનું તથા ગેરકાયદેસર રીતે માટી કાઢવાની પ્રવૃત્તિ કરેલ છે. જે સંદર્ભે જીતેન્દ્રકુમાર અમીન દ્વારા બાલાસિનોર નાયબ કલેકટરને લેખિતમાં અરજી કરાઈ હતી. જે સંદર્ભે આજરોજ પાંડવા ગામના તલાટી રમેશભાઈ અને વહીવટદાર મીનળબેન દ્વારા સ્થળ તપાસ કરી પંચકેશ કરાયો જેમાં પાંડવા ગામના ડુંગર પર ગામના ભીખાભાઈ માયવંશી દ્વારા ડુંગર ખોદીને ૮૮.મીટર લંબાઈ અને ૨૨ મીટર પહોળાઈ તેમજ પાકા બાંધકામની ૧૦.મીટર પહોળાઈ અને ૭ મીટર ઊંચાઈ વાળુ બાંધકામ કરી આગળ બીમ કોલમ કાઢી,પાણી સંગ્રહ કરવાની ટાકી બનાવી છે તેમજ બાંધકામના માલસામાન સંગ્રહ માટે છાપરૂં બનાવેલ છે. જે બાબતે પંચકેશ કરી ગેરકાયદેર કબજો કરનાર ઈસમને નોટિસ ફટકાવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## વિરપુર તાલુકાના આસપુર અને ખરોડમાં વાવાઝોડા સાથે વરસાદમાં ૧૧ વીજપોલ ધરાશાઈ

વિરપુર, મહિસાગરમાં જિલ્લામાં વાતાવરણમાં એકાએક પલ્ટો આવ્યા બાદ ભારે પવન સાંજે ધુળની ડમરીઓ ઉડ્તા સમગ્ર વાતાવરણ ધુળની ડમરીઓમાં લપેટાઈ ગયુ હતુ. દરમિયાન જિલ્લાના વિરપુર તાલુકામાં તોફાની પવન સાથે કરાનો વરસાદ વરસ્યો હતો.વિરપુર તાલુકાના આસપુર, ભાટપુર અને ખરોડ સહિતના પંથકમાં વાદળછાયુ વાતાવરણ સર્જાયા બાદ અચાનક મીની વાવાઝોડું ફુંકાયુ હતુ.વિરપુર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે કરા સાથે વરસાદ ખાબક્યો હતો. કમોસમી વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરતા લોકોને ગરમીથી રાહત મળી હતી.તો બીજી તરફ કમોસમી વરસાદના કારણે ખેડુતોના બાજરી, જુવાર, મગ, મગફળી, સુઢીયુ જેવા પાકને ભારે નુકસાન થયુ હતુ. બીજા દિવસે પણ તાલુકામાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. ફરી વરસાદ પડે તો તૈયાર પાક સંપુર્ણ નાશ પામે તેવી ભિતી સેવાઈ રહી છે. જયારે કમોસમી વરસાદના પગલે વિરપુર તાલુકાના ઈંટો પકવતા વેપારીઓને પણ વ્યાપક નુકસાન થવા પામ્યુ છે. ઈંટોના ભઠ્ઠાઓમાં ખુલ્લામાં મુકેલી ઈંટો વરસાદમાં પલળી ગઈ હતી.

## લુણાવાડા એડી.સેશન્સ જજ કોર્ટમાં સ્પો.પોકસો કેશ ચાલી જતાં વીરપુર કોયલાના આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારી

લુણાવાડા, મહિસાગર જીલ્લાના વિરપુર કોયલા ગામના આરોપીએ સગીરાને ભગાડી લઈ યૌનશોષણ કરેલ હોય આ બાબતે વિરપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસ આરોપી ઝડપી પાડી ચાર્જશીટ રજુ કરતાં કેશ લુણાવાડા સ્પે.પોકસો કોર્ટમાં ચાલી જતાં આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારવામાં આવી.વિરપુર તાલુકાના કોયલા ગામના આરોપી અજયકુમાર વિનુભાઈ રોહિત ૨૦૨૧માં ૧૬ વર્ષીય સગીરાને પટાવી ફોસલાવી ભગાડી ગયેલ હોય અને સગીરાનું યૌનશોષણ કરવામાં આવ્યું હોય જેની ફરિયાદ વિરપુર પોલીસ મથકે નોંધાઈ હતી. પોલીસે આરોપીને ઝડપી પાડવામાં આવેલ આ કેશ લુણાવાડા એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં સ્પે.પોકસો કેશ શરૂ થયો હતો. આરોપી વિરૂદ્ધ સરકારી વકિલ જયવીરસિંહ જે. સોલંકી એ કરેલ દલીલોને ગ્રાહ્ય રાખી હતી અને આરોપી અજયકુમાર વિનુભાઈ રોહિતને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી અને ભોગ બનનારને કાનુની સેવા સત્તા મંડળ, મહિસાગરને ૩ લાખ રૂપીયા વળતર ચુકવવા માટેનો હુકમ કરવામાં આવ્યો.

## શું આપણો એટમ બોમ્બ ફ્રિજમાં રાખવા માટે બનાવવામાં આવ્યો છે ?, યોગી

મહોબા, યુપીના મહોબામાં સીએમ યોગીએ વિપક્ષ પર જોરદાર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે સપા, બસપા અને કોંગ્રેસે માત્ર માફિયા જ આપ્યા. ૨૦૧૭ પહેલા ડાકુઓનો આતંક હતો. આ દરમિયાન સીએમએ પાકિસ્તાન, એટમ બોમ્બ અને રામ મંદિર વિશે પણ વાત કરી.સીએમ યોગીએ કહ્યું, '૨૦૧૭ પહેલા ડાકુઓનો આતંક હતો. મોટા માફિયાઓ હતા. સપા, બસપા અને કોંગ્રેસે જ માફિયાઓને આપ્યા. તેઓ અરાજકતા ફેલાવી રહ્યા હતા, લૂંટફાટ કરી રહ્યા હતા, રસ્તાઓ તોડી રહ્યા હતા. તેઓ યુવાનોના જીવ સાથે રમતા હતા. દીકરી અને બિઝનેસમેનની સલામતી જોખમમાં હતી. વિકાસ અટકી ગયો હતો.

સીએમ યોગીએ કહ્યું, 'પાકિસ્તાનની વસ્તી ૨૩થી ૨૪ કરોડ છે. પીએમ મોદીએ ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે અને તેમને સુખી જીવન જીવવા માટે પ્રેરિત કર્યા છે. પાકિસ્તાનની વસ્તી કરતા વધુ લોકો અહીં ગરીબીમાંથી બહાર આવ્યા છે. પાકિસ્તાનના ગુણગાન ગાનારાઓને કહો કે જો તમે પાકિસ્તાનને આટલો પ્રેમ કરો છો તો ભારતમાં બોજ કેમ બની રહ્યા છો, પાકિસ્તાન જાઓ અને ત્યાં પણ વાટકો લઈને ભીખ માગો.

સીએમ યોગીએ કહ્યું, 'ભારત ગઠબંધનના લોકો ધમકી આપે છે, કહે છે કે પાકિસ્તાન વિરુદ્ધ ન બોલો, તેમની પાસે એટમ બોમ્બ છે. અમે કહ્યું, શું આપણો એટમ બોમ્બ ફ્રિજમાં રાખવા માટે બનાવવામાં આવ્યો છે? તેમણે કહ્યું શું રામભક્તો પર ગોળીબાર કરનારાઓ ભારત પર રાજ કરશે? શું આપણે હિન્દુઓના હત્યારાઓને સત્તા સોંપીશું? આ પાપ ક્યારેય ન થવું જોઈએ.

## મહીસાગર સિચાઈ ઉદ્દ્વહન યોજના માટે રૂ.૭૯૪ કરોડની યોજનાની કામગીરી રૈયોલી ગામે ચાલુ કરવામાં આવી





મલેકપુર, મહી ઉદ્દહન સિંચાઈ યોજના થકી ખેડા-મહીસાગરના વિવિધ ૮૧ ગામના કુલ ૧૩૪ તળાવો ભરવાથી ૮,૧૦૦ હેક્ટર જમીનને પિયતનો લાભ થશે. જળ સંપત્તિ- પાણી પુરવઠા રાજ્યમંત્રી મુકેશ પટેલ મહી નદી ઉદ્દહન સિંચાઈ યોજના માટે રૂ.૭૯૪ કરોડની વહીવટી મંજૂરી- ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી ને કામગીરી નો આરંભ કરવામાં આવ્યો છે.

મહી નદીની ઉદ્દહન સિંચાઈ યોજનાથી ખેડા જીલ્લામાં કપડવંજ તાલુકાના ૫૪ ગામના ૬૧, કઠલાલના ૨૦ ગામના ૨૦, ગલતેશ્વરમાં ૦૭ ગામના ૦૮ તેમજ ઠાસરા તાલુકામાં ૦૫ તેવી જ રીતે મહીસાગરના બાલાસિનોર તાલુકાના ૪૦ ગામના ૪૦ એમ બંને જીલ્લાના કુલ ૧૩૪ તળાવો ભરવામાં આવશે. આ તળાવો ભરવાથી ૮,૧૦૦ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની નેતૃત્વવાળી ગુજરાત સરકાર હર હાથને કામ, હર ખેતને પાણી' આપવા કટિબદ્ધ છે. મહી નદીની ઉદ્દહન સિંચાઈ યોજનાથી ખેડા જીલ્લામાં કપડવંજ તાલુકાના ૫૪ ગામના ૬૧, કઠલાલના ૨૦ ગામના ૨૦, ગલતેશ્વરમાં ૦૭ ગામના ૦૮ તેમજઠાસરા તાલુકામાં ૦૫ તેવી જ રીતે મહીસાગરના બાલાસિનોર તાલુકાના ૪૦ ગામના ૪૦ એમ બંને જીલ્લાના કુલ ૧૩૪ તળાવો ભરવામાં આવશે.

## સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં રાત્રીએ આકાશમાં અદ્ભુત નજારો જોવા મળ્યો.

મહોબા, યુપીના મહોબામાં સીએમ યોગીએ વિપક્ષ પર જોરદાર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે સપા, બસપા અને કોંગ્રેસે માત્ર માફિયા જ આપ્યા. ૨૦૧૭ પહેલા ડાકુઓનો આતંક હતો. આ દરમિયાન સીએમએ પાકિસ્તાન, એટમ બોમ્બ અને રામ મંદિર વિશે પણ વાત કરી.

સીએમ યોગીએ કહ્યું, '૨૦૧૭ પહેલા ડાકુઓનો આતંક હતો. મોટા માફિયાઓ હતા. સપા, બસપા અને કોંગ્રેસે જ માફિયાઓને આપ્યા. તેઓ અરાજકતા ફેલાવી રહ્યા હતા, લૂંટફાટ કરી રહ્યા હતા, રસ્તાઓ તોડી રહ્યા હતા. તેઓ યુવાનોના જીવ સાથે રમતા હતા. દીકરી અને બિઝનેસમેનની સલામતી જોખમમાં હતી. વિકાસ અટકી ગયો હતો.સીએમ યોગીએ કહ્યું, 'પાકિસ્તાનની વસ્તી ૨૩થી ૨૪ કરોડ છે. પીએમ મોદીએ ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે અને તેમને સુખી જીવન જીવવા માટે પ્રેરિત કર્યા છે. પાકિસ્તાનની વસ્તી કરતા વધુ લોકો અહીં ગરીબીમાંથી બહાર આવ્યા છે. પાકિસ્તાનના ગુણગાન ગાનારાઓને કહો કે જો તમે પાકિસ્તાનને આટલો પ્રેમ કરો છો તો ભારતમાં બોજ કેમ બની રહ્યા છો, પાકિસ્તાન જાઓ અને ત્યાં પણ વાટકો લઈને ભીખ માગો.સીએમ યોગીએ કહ્યું, 'ભારત ગઠબંધનના લોકો ધમકી આપે છે, કહે છે કે પાકિસ્તાન વિરુદ્ધ ન બોલો, તેમની પાસે એટમ બોમ્બ છે. અમે કહ્યું, શું આપણો એટમ બોમ્બ ફ્રિજમાં રાખવા માટે બનાવવામાં આવ્યો છે? તોમણે કહ્યું શું રામભક્તો પર ગોળીબાર કરનારાઓ ભારત પર રાજ કરશે? શું આપણે હિન્દુઓના હત્યારાઓને સત્તા સોંપીશું? આ પાપ ક્યારેય ન થવું જોઈએ.

## આપની આજ.......

મેષ: વર્તમાન સમય સફળતાભર્યો રહી શકે છે. બદલાતા વાતાવરણથી સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. ઘરમાં નજીકના વ્યક્તિઓ આવવાથી ઉત્સાહભર્યું વાતાવરણ રહી શકે છે. તમારી સમસ્યાઓનો ઉકેલ મેળવવામાં પરિવારનો પૂરો સહયોગ રહેશે.

વૃષભ: તમારા પોઝિટિવ વિચાર તમને સ્વસ્થ રાખશે. ઉતાવળ અને ભાવુકતામાં લીધેલો નિર્ણય ખોટો સાબિત થઈ શકે છે. વ્યવસાય તથા નોકરીમાં કોઈ પ્રકારની રાજનીતિનો સામનો કરવો પડી શકે છે.

મિથુન: પાર્ટનરશિપને લગતા વ્યવસાયમાં પારદર્શિતા જાળવી રાખો. લક્ષ્ય પ્રાપ્તિમા કોઈ નજીકના સંબંધીનો પણ સહયોગ પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિમાં પણ થોડી ભાગદોડ શક્ય છે. પારિવારિક જીવનમાં કોઈ વિવાદ થઈ શકે છે.

કર્ક: તમારા વ્યક્તિગત કાર્યોમાં કોઈ બહારના વ્યક્તિને સામેલ ન કરો. સ્વાસ્થ્ય સારું રહેશે. કોઈ જૂના મિત્ર સાથે મુલાકાત થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં તમારી હાજરી તથા એકાગ્રતા ખૂબ જ જરૂરી રહેશે. તમારી સામાજિક સીમા પણ વધી શકે છે.

સિંહ: આજે મોટાભાગનો સમય માર્કેટિંગ તથા બહારની ગતિવિધિઓને પૂર્ણ કરવામાં જ પસાર થશે. સ્વાસ્થ્યને લગતી સમસ્યામાંથી રાહત મળી શકે છે. આર્થિક સ્થિતિને મજબૂત કરવાની તમારી કોશિશ સફળ રહેશે. યુવા વર્ગને કોઈ કારણોસર કરિયરને લગતી યોજનાઓને હાલ ટાળવી પડી શકે છે.

કન્યા: પતિ-પત્ની વચ્ચે રોમેન્ટિક સંબંધ રહી શકે છે. ઘરમાં કોઈ વાતને લઈને વાતાવરણ ખરાબ થઈ શકે છે. તમારા આત્મવિશ્વાસ અને કાર્યક્ષમતામાં વધારો થઈ શકે છે. જરૂરી કાર્યોમાં થોડા વિઘ્નો આવી શકે છે.

તુલા: પતિ-પત્ની વચ્ચે સંબંધ ગાઢ બનશે. ધૈર્યપૂર્વક પરિસ્થિતિઓને પોઝિટિવ બનાવો. સંબંધને મજબૂત જાળવી રાખવામાં તમારી કોશિશ મહત્ત્વની રહેશે. જૂની પ્રોપર્ટીની ખરીદી કે વેચાણને લગતી મહત્ત્વપૂર્ણ ડીલ થવાની શક્યતા છે.

વૃશ્ચિક: વ્યવસાયિક ગતિવિધિઓ આજે મંદ જ રહેશે. ઉતાવળ અને ભાવુકતામાં લીધેલો નિર્ણય ખોટો સાબિત થઈ શકે છે. પારિવારિક સભ્યો સાથે સમય પસાર કરશો. વિદ્યાર્થીઓને આશા પ્રમાણે પરિણામ મળવાથી તેમનું આત્મબળ વધશે.

ધન: વ્યવસાયિક વ્યવસ્થામાં સુધાર આવશે. છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલી તમારી કોશિશમાં સફળતા મળવાના યોગ બની રહ્યા છે. ઘરનું વાતાવરણ પોઝિટિવ રહી શકે છે. આર્થિક સ્થિતિમાં કોઈ પ્રકારની દોડભાગ થઈ શકે છે.

મકર: આ સમયે ગ્રહ ગોચર તથા ભાગ્ય વ્યવસાયિક દૃષ્ટિએ તમારા પક્ષમાં છે. આજે કોઈપણ પ્રકારની યાત્રા ન કરો. પારિવારિક સભ્યોની વચ્ચે યોગ્ય તાલમેલથી ઘરની ઊર્જા પોઝિટિવ રહેશે. આજે કોઈપણ નિર્ણય લેવામાં તમારી અંતરાત્માનો અવાજ જરૂર સાંભળો.

કુંભ: અન્યના માલમે કોઈપણ પ્રકારની દખલ ન કરો. દિવસની શરૂઆતમાં થોડી કારોબારી સમસ્યા તથા પરેશાનીઓ આવશે. જીવનસાથી પાસેથી વધારે આશા રાખવી એકબીજા સાથેના સંબંધોમાં અંતર વધારી શકે છે. નજીકના સંબંધીઓ સાથે થોડો સમય પસાર કરવો.

મીન: વ્યવસાયિક દૃષ્ટિએ સમય ધનદાયક રહી શકે છે. સંયુક્ત પરિવારમાં થોડા વાદ-વિવાદની સ્થિતિ બની શકે છે. કોઈ મહત્ત્વપૂર્ણ કામ બનવાથી મનમાં પ્રસન્નતા રહેશે. પારિવારિક જીવન સુખદ રહી શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદની પૂર્વાભીમુખ પતિતપાવન દુધીમતી નદીમાં ગામની ગટરોના ગંદા પાણી ઠાલવી નગરજનોની ધાર્મિક આસ્થા સાથે ખીલવાડ ક્યાં સુધી???

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ પૂર્વાભીમુખ અને પતિતપાવન દૂધીમતી નદીની પાછળ અનેક ધાર્મિક ઈતિહાસ પણ જોડાયેલા છે. આવી અતિ આસ્થાનું કેન્દ્ર એવી દૂધીમતી નદીમા દાહોદ પાલિકાના સત્તાધિશોએ ગામની અતિ દુર્ગંધ મારતી ગટરોના ગંદા પાણી ઠાલવી તેની પવિત્રતાને નષ્ટ કરી નદીના અસ્તિત્વને જોખમમાં મૂકી દેતા નગરજનોની આસ્થાને ઠેસ પહોંચી છે. ત્યારે આ પૂર્વાભિમુખ પાવન નદી દુધીમતીમાં ગામની ગટરોના ગંદા પાણી ઠાલવી નગરજનોની ધાર્મિક આસ્થા સાથે ક્યાં સુધી ખિલવાડ કરાતો રહેશે? તેવો વેધક અને માર્મિક પ્રશ્ન આજે નગરમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. દાહોદ શહેરમાં હિન્દુ, મુસ્લિમ, ક્રિસ્ચન, જૈન એમ તમામ લોકો સંપ પૂર્વક વસવાટ કરે છે. અને તમામ લોકો પોત પોતાના ઈષ્ટદેવને અવશ્ય ફૂલ ચડાવતા હોય છે. અને ઈષ્ટ દેવોને ચઢાવેલા ફૂલો બીજે દિવસે નદી યા તળાવના પાણીમાં પધરાવી ઠંડા કરવાની તમામ ધર્મમાં માન્યતા રહેલી છે. દાહોદમાં પણ ભગવાનને ચડેલા પુષ્પ પધરાવવા માટે નગરજનો વર્ષોથી છાબતળાવ અને દૂધીમતી નદીનો ઉપયોગ કરતા આવ્યા છે. દાહોદ શહેરમાં સ્માર્ટ સિટી પ્રોજેકટ





અંતર્ગત છાબતળાવના કલેવર બદલાયા અને તે તળાવ ફરતે સિમેન્ટની દિવાલ ઉભી કરી દેવામાં આવી અને છાબતળાવમાં તે વખતથી ભગવાનને ચડાવેલા ફૂલો પધરાવવાનું બંધ થઈ ગયું. હવે ભગવાનને ચડાવેલા ફૂલો પધરાવવા શહેરની પાવન દૂધીમતિ નદી જ નગરજનો માટે એકમાત્ર વિકલ્પ રહી ગયો હોઇ નગરજનો હાલ નદીમાં જ ભગવાનને ચડાવેલા ફૂલો પધરાવી રહ્યા છે. શહેરની પાવન નદીની પવિત્રતાને કારણે વર્ષો પહેલા નગરજનો શ્રાવણ માસ દરમિયાન આ પતિતપાવન દૂધીમતી નદીમાં સ્નાન કરી ગંગા સ્નાનની અનુભૂતિ કરતા હતા. પણ છેલ્લા કેટલાક વર્ષોથી પાલિકાના સત્તાધિશો દ્વારા શહેરની ગટરોના ગંદા પાણી આ પવિત્ર દુધીમતી નદીમાં ઠાલવી નદીની પવિત્રતાને દૂષિત કરી તેના અસ્તિત્વને જોખમમાં મૂકીને ઘોર પાપ કરી રહ્યા છે. જેને કારણે નદીના આ દૂષિત પાણીમાં ભગવાનને ચડાવેલા ફૂલો પધરાવતી વેળાએ નગરજનો દુઃખ અનુભવી રહ્યા છે. ગત વર્ષે માત્ર રાજકીય લાભ ખાટવાના ઈરાદે આ ગટર ગંગા બની ગયેલ દૂધીમતિ નદીના કિનારે પાલિકાના સત્તાધિશો દ્વારા ગંગા આરતીનો કાર્યક્રમ યોજી નદીની પવિત્રતાના ગુણ ગાવાનું નાટક કરવામાં આવ્યું હતું. આ નદીના જે પુલ ઉપર ઉભા રહી ગંગાઆરતી કરવામાં આવી હતી. તે પુલ નજીકથી જ તે સમયે ગટરના ગંદા પાણી નદીમાં ઠલવાવાની પ્રક્રિયા પણ ચાલુ રાખી નદીની પવિત્રતાને નષ્ટ કરવામાં આવી રહી હતી.આ પતિતપાવન નદીની સફાઈની વાત કરીએ તો આ નદીની સફાઈ માટે વર્ષોથી દર વર્ષે પાલિકા દ્વારા બજેટમાં મોટી રકમ ફાળવવામાં આવતી હતી. અને આ મોટી રકમ વર્ષોથી ગાય ખાઈ જતી હોય આજે વર્ષોનો નદીની સફાઈ પાછળનો ખર્ચ ગણીએ તો તે કરોડો રૂપિયા ફાળવાયા છતાં આ નદીની દુર્દશા વર્ષોથી યથાવત રહેતા આ કરોડો રૂપિયા કોણ કોણ ખાઈ ગયું ? તે પ્રશ્ન આજે શહેરમાં ચર્ચાનું મુખ્ય કેન્દ્ર બન્યો છે. અને હવે તો છેલ્લા કેટલાક મહિનાઓથી આ નદી પર રીવર ફ્રન્ટ બનાવવાના સપના દેખાડવામાં આવી રહ્યા છે. હા રિવરફ્રન્ટ માટે સ્માર્ટ સિટી અંતર્ગત કામ તો ચાલુ થઈ ચૂક્યું છે. પરંતુ તેની ગતિ ગોકળગાય કરતા પણ ધીમી છે અને હવે ચોમાસાના દિવસો પણ દૂર નથી અને આ વર્ષે સારો વરસાદ થાય અને દૂધી મતિ નદીમાં પૂર આવે તો સ્માર્ટ સિટીની રિવરફ્રન્ટની અત્યાર સુધી થયેલી કામગીરી ધોવાઈ જાય અને કામગીરીનો ખર્ચ માથે પડે તેવી આશંકાઓ પણ વ્યક્ત કરાઈ રહી છે. ત્યારે આ પતિતપાવન દુધીમતી નદીની પવિત્રતા જળવાઈ રહે તેવી કામગીરી કરી નગરજનોની ધાર્મિક આસ્થા સાથે ખિલવાડ બંધ થાય તેવું દાહોદવાસીઓ ઈચ્છી રહ્યા છે.

## દાહોદના સિધ્ધરાજ જયસિંહ છાબ તળાવ પરિસરમાં હજારોની સંખ્યામાં માછલીઓના મોત : શહેરમાં હાહાકાર મચવા સાથે લોકોનો રોષ

દાહોદ,

દાહોદના ઐતિહાસિક છાબ તળાવમાં માત્ર છ માસ પૂર્વે જ રૂ. ૧૧૭ કરોડના ખર્ચે રચાયેલ અનેકવિધ સુવિધાયુક્ત ‘‘સિધ્ધરાજ જયસિંહ છાબ તળાવ’’ પરિસરમાં ઉનાળાના આ સમયે સાવ અચાનક હજારોની સંખ્યામાં માછલીઓ મૃત્યુ પામી છે. શહેરમાં સ્માર્ટ સિટીના નામે સૌથી અગ્રીમ પંક્તિમાં બિરાજતા શહેરની સૌથી વધુ ઉપયોગી સ્માર્ટ સુવિધા તરીકે લોકમાનસમાં અંકિત આ તળાવ પરિસરની આસપાસ અઢી કિલોમીટરનો જે વોકિંગ પથ બનાવાયો છે તેનો દાહોદવાસીઓ દ્વારા મહત્તમ ઉપયોગ થઈ રહ્યો છે. ત્યારે સાવ અચાનક આ વિશાળ તળાવમાં રહેતી હજારો રંગબેરંગી માછલીઓ મૃત્યુ પામતાં પાણીની ઉપર તેમના મૃતદેહ તરતાં થતાં લોકોમાં જુગુપ્સા જન્મી છે.





છાબ તળાવના આ પરિસરમાં વહેલી સવારથી મોડી સાંજ સુધી દરરોજના સેંકડો લોકો સ્વાસ્થ્ય, મનોરંજન, બાળકોને ખુશ કરવા કે ખાણીપીણી જેવા વિવિધ હેતુથી મુલાકાત લેતા હોય છે. અને ઉનાળાના સમય જ્યારે શહેરભરમાં સખત ગરમી હોય છે. ત્યારે આ નયનરમ્ય પરિસરમાં વ્યાપ્ત સરસ મજાની લીલોતરી અને તળાવના પાણીના કારણે બહાર કરતાં તાપમાન પ્રમાણમાં ઓછું હોઈ લોકોને રાહતકારી લાગે છે એટલે મોટી સંખ્યામાં દાહોદવાસીઓ અત્રે ઉમટે છે. આવા સમયે છાબ તળાવમાં માછલીઓ આટલી મોટી સંખ્યામાં મૃત્યુ પામી છે તેના પ્રાથમિક તારણમાં કાળઝાળ ઉનાળાના સમય છાબ તળાવનું પાણી બાષ્પીભવન પામતા તેની સપાટીમાં લગભગ દોઢેક ફૂટનો ઘટાડો પણ નોંધાયો છે તો વળી પાણીમાં ઓક્સિજનની કમી પણ થઈ હોઈ આવું થવા પામ્યું છે. તો વિજ્ઞાનને વરેલા કેતન શેઠ જેવા તજજ્ઞએ જણાવ્યું હતું કે કોઈપણ તળાવ- જળાશયમાં BOD (બાયોકેમીકલ ઓકસિજન ડિમાન્ડ) ૮૦ ppd (પાર્ટ પર મિલિયન) જેટલું હોવું જોઈએ અને તેની સામે COD (કેમીકલ ઓકસિજન ડિમાન્ડ)નું પ્રમાણ ૨૦૦ ppd હોવું જોઈએ. જો આ પ્રમાણ વધે તો પાણી તેની અસરના લીધે દુષિત થતાં ઝેરી બની જાય છે. દાહોદના છાબ તળાવમાં સરસ રમણીયતાની વચ્ચે હજુપણ ખાનગી રાહે અનેક ગટરો ભળતાં તેની પી.એચ. વેલ્યુ ૭ કરતાં વધી જતી હોઈ પાણી પ્રદુષિત થતાં આટલા મોટા પ્રમાણમાં માછલી અને અન્ય જળચરોના કમોત થવા પામ્યા છે. ત્યારે તંત્ર દ્વારા સત્વરે આ પાણીમાં કેટલાક વિસ્તાર માંથી હજુય ખાનગી રીતે ભળતી ગટરોનું દુષિત પાણી આવતું બંધ કરાય અને સાથે મશીનો દ્વારા સમયાંતરે ઓક્સિજનની ખાનાપુર્તિ થતી રહે તેવા પ્રયાસ હાથ ધરવા જોઈએ જેથી તળાવનું પરિસર રમણીય બની રહે !

## દાહોદમાં કેસ્ટ્રોલ ઓઈલના નામે ડુપ્લીકેટ ડબ્બાનું વેચાણ કરતાં ૪ દુકાનો ઉપર તપાસ કરતાં ૪ વેપારીની ધરપકડ

દાહોદ,

દાહોદ જુના ઈન્દોર રોડ પર આવેલ કેસ્ટ્રોલ ઓઈલના નામે ડુપ્લીકેટ ઓઈલના ડબ્બાનું વેચાણ કરતી જુદી જુદી ચાર જેટલી દુકાનો પર કેસ્ટ્રોલ કંપનીના અધિકારી, કર્મચારીઓની ટીમે દાહોદ પોલીસની મદદ લઈ સાગમટે દરોડા પાડી ચારે દુકાનમાંથી કુલ મળી રૂપિયા ૯૦ હજાર ઉપરાંતની કિંમતના કેસ્ટ્રોલ કંપનીના સ્ટીકર વાળા ડુપ્લીકેટ ઓઈલ ભરેલા પ્લાસ્ટિકના ડબ્બા તથા પ્લાસ્ટિકના ડબ્બા પર લગાડવાના કાગળના સ્ટીકરોના જથ્થા સાથે ચારે દુકાનના વેપારીઓની ધરપકડ કરી તે ચારે વેપારી વિરૂદ્ધ પોલીસમાં ફરિયાદ કર્યાનું જાણવા મળ્યું છે.

દાહોદમાં જુના ઈન્દોર રોડ પર કેસ્ટ્રોલ લિમિટેડ કંપનીના માર્કાવાળા પ્લાસ્ટિકના ડબ્બામાં ડુપ્લીકેટ ઓઈલ ભરી કેસ્ટ્રોલ ઓઈલ તરીકે કેટલીક દુકાનોમાં ખુલ્લેઆમ વેચાણ થતું હોવાની મળેલ બાતમીને આધારે કેસ્ટ્રોલ લિમિટેડ કંપનીમાં ફી લાઈઝન ઓફિસર તરીકે ફરજ બજાવતા અને અમદાવાદ, નિકોલ, આરસવાણી સ્કૂલ પાસે શ્યામ અવિરાહીમાં રહેતા નીતિનકુમાર ભીખાભાઈ પટેલ અને તેમની ટીમના માણસોએ દાહોદ એ ડિવિઝન પોલીસની મદદ લઈ દાહોદ જુના ઈન્દોર રોડ પર કેસ્ટ્રોલ ઓઈલના નામે ડુપ્લીકેટ ઓઈલનું વેચાણ કરનાર વેપારી દાહોદ જુના ઈન્દોર રોડ, સીમંધર ટાવર ખાતે રહેતા આદિત્ય પંકજભાઈ ફોજદાર, જુના ઈન્દોર રોડ જૈન મંદિર પાસે, રોયલ સોસાયટીમાં રહેતા દેવીલાલ કનૈયાલાલ પવાર, નવજીવન મીલ સામે હેબતુલ્લા પાર્કમાં રહેતા બુરહાન કુતબુદ્દીન વનવાલા તથા ગોદી રોડ અગ્રસેન ભવન પાસે શિવમ પાર્કમાં રહેતા વિજય કુમાર નંદલાલ અગ્રવાલ વગેરેની દુકાનોમાં ગતરોજ બપોરના સમયે સાગમટે ઓચિંતા દરોડા પાડી ચારે વેપારીઓની દુકાનમાંથી કેસ્ટ્રોલ કંપનીના લેબલ વાળા તથા હીરો કંપનીના લોગો તથા નામ વાળા ડુપ્લીકેટ ઓઈલ ભરેલા રૂપિયા ૯૦,૯૨૬/- ની કુલ કિંમતના પ્લાસ્ટિકના ડબ્બા નંગ. ૨૨૭ તથા કેસ્ટ્રોલ કંપની રજીસ્ટર રોડ વાળી ડિઝાઈન વાળા ૯૦૦ એમએવ ના પ્લાસ્ટિકના ડબ્બા પર લગાવવાના કાગળના સ્ટીકર નંગ. ૬૮૦ પકડી પાડી કબજે લઈ ચારે વેપારીઓની ધરપકડ કરી અત્રેના પોલીસ સ્ટેશનમાં લાવી તેઓ વિરૂદ્ધ કોપી રાઈટ એક્ટ ૫૧,૬૩, ૬૫ મુજબનો ગુનો નોંધી વધુ પૂછપરછ આદરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પેથાપુરમાં શ્રીમદ્ ભાગવત કથા પંચમ દિવસ કૃષ્ણ - નંદોત્સવ યોજાયો



દાહોદ,

પેથાપુરમાં યોજાઈ રહેલ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં વ્યાસપીઠેથી વિષ્ણુજી શર્મા દ્વારા બપોરે ૩ થી સાંજના ૬.૩૦ સુધી પુષ્ટિ પરિભાષામાં ભાગવતના ૧૦માં સ્કંધની કૃષ્ણની બાલલીલાઓનું રસપાન કરાવેલ.

ગઈકાલે કથાના ચતુર્થદિને કમોસમી વરસાદ વરસતા કથાનો આશીયાનો હવામાં વેરવિખેર થયેલ અને કથા રાબેતા મુજબ યોજાઈ નહોતી અને ટેન્ટ સ્ટેજ પેથાપુર યુવક મંડળના સહયોગથી પુનઃ સ્ટેન્ડબાય કરવામાં આવેલ અને રાબેતા મુજબ કથા યોજાઈ રહી છે

૧૦માં સ્કંધમાં ભગવાન શ્રીકૃષ્ણની ભાવલીલાઓ, રહસ્યલીલાઓનું આધ્યાત્મિક દર્શન કરાવતા શાસ્ત્રીજીએ કહ્યું કે, જેનું મન અપવિત્ર હોય તેને ભગવાન દર્શન દેતા નથી. પૂતના જ્યારે કનૈયા પાસે આવી ત્યારે તેમણે આંખો બંધ કરી દીધીએ જ પ્રમાણે તૃણાવર્તનો શ્રી કૃષ્ણએ કરેલ વધ પણ રહસ્યમય છે.

જીવનમાં હંમેશા ઈશ્વર સાથે આસ્થાનું અનુસંધાન રાખો, શ્રી કૃષ્ણ શરણમ્મમ કુળદાયી મંત્ર છે. માનવજીવને દુઃખની દોરીથી બાંધી લેનારા મુખ્ય ત્રણ હિતશત્રુઓ છે. શોક, ભય અને મોહ, જયાં શબ્દની સીમા પુરી થાય છે. ત્યાંથી ભાવતી સીમા શરૂ થાય છે. ભકતને નિર્ણય કરે એ ભગવાન, મહાપ્રભુજીએ ભગવાનને જોવાતી નવી દ્રષ્ટિ આપી છે, વૈષ્ણવ દેહ સેવામાં ઘસાય છે, ત્યારે જ વૈષ્ણવતા પ્રગટે છે. આસહિત છે, ત્યાં આવિષ્કાર નથી. ભગવત સેવાથી વધીને ભવસાગરને કિનારે પહોંચાડનારી બીજી કોઈ માર્ગદર્શક દીવાદાંડી નથી. શ્રી કૃષ્ણ કલ્પવૃક્ષ છે તેની નીચે બેસનારની સર્વ મનોકામના પુરી થાય છે .

આજે નંદોત્સવમાં કૃષ્ણના પિતા બનવાનો લ્હાવો નયન શર્મા તેમજ નંદલાલ અને યશોદા બનવાનો લ્હાવો જયોતિબેન અને હેમંતભાઈ પંચાલ દ્વારા લેવામાં આવેલ આ પ્રસંગ જોતા ભક્તો ભાવવિભોર થઇ ગયેલ અને નંદોત્સાવ ખુબજ ભક્તિપૂર્વક યોજવામાં આવેલ.

## ગરબાડામાં વીજપોલની ફરતે જાળી ન મુકાતા ગાયો ભોગ બની

ગરબાડા,

ગરબાડા રેન્જ ફોરેસ્ટ ઓફિસની આગળ આવેલ લાઈટની ટ્રાન્સફોર્મર વાળા વીજ થાંભલા પરથી કરંટ લાગતા બે ગાયોના મોત નીપજયાં હતા.વહેલી સવારે વરસેલા વરસાદમાં ટ્રાન્સફોર્મર નીચેથી ગાયો પસાર થતી હતી. ત્યારે કરંટ લીક થવાના કારણે બે ગાયોના ઘટના સ્થળે મોત થયા હતા જયારે એક ગાયનો બચાવ થયો હતો. આ વિસ્તારમાં નજીક ત્રણ ટ્રાન્સફોર્મર લાગેલા છે. અને રેન્જ ફોરેસ્ટ ઓફિસના કમ્પાઉન્ડમાં મોટા વૃક્ષો પણ આવેલા છે. જે વધુ પડતા વાવાઝોડાથી આ ટ્રાન્સફોર્મર ઉપર તુટી પડવાની શકયતાઓ છે. આ ઘટનાને લઈને સ્થાનિકોમાં એમજીવીસીએલને લઈને રોષ જોવા મળ્યો હતો. જેમાં સ્થાનિક લોકોનો આક્ષેપ કરવામાં આવ્યો છે કે, એમજીવીસીએલ દ્વારા ડીપીઓ ખુલ્લી મુકવામાં આવી છે. જેના કારણે વીજ કરંટ લાગતા આ ગાયોના મોત નીપજયાં હતા. ઘટનાની જાણ ગ્રામ પંચાયતને કરાતા તેઓ પણ ઘટના સ્થળે દોડી આવી અને પંચકયાસ કરી આગળ કાર્યવાહી હાથ ધરી હતી. સત્વરે તમામ ગામની તમામ ડી.પી.ઓ ઉપર જાળીની બોર્ડર બનાવવામાં આવે તે જરૂરી બન્યુ છે.

## દાહોદ થી અમદાવાદ, વડોદરા અને શ્રીનાથજી નોન સ્ટોપ બસ ચાલુ કરવા ધારાસભ્ય દ્વારા રજુઆત કરાઈ

દાહોદ,

દાહોદ ડેપોથી નોન સ્ટોપ દાહોદ-અમદાવાદ દાહોદ વડોદરા તેમજ મર્યાદિત સ્ટોપવાળી દાહોદ થી શ્રીનાથજી સ્લીપર બસ તેમજ કેશોદ ડેપો થી કેશોદ-દાહોદ સાદી બસના બદલે સ્લીપ કોચ બસ ચાલુ કરવા બાબતે દાહોદ જીલ્લા નાગરિક વિકાસ સમિતિ, દાહોદ તેમજ દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી દ્વારા વિભાગીય એસ.ટી. નિયામ કચેરી, ગોધરા તેમજ ગૃહ મંત્રી હર્ષ સંઘવીને લેખિત રજુઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો જીલ્લો છે તેમાંય ખાસ કરીને દાહોદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારના લોકો પરપ્રાંતમાં મજુરી કામ માટે જતાં હોય છે અને તેઓ માટે એસ.ટી. બસો આર્શિવાદ સમાન હોય છે. બીજી તરફ દાહોદ શહેરનો ડેપો સમગ્ર ગુજરાતમાં આવકની દ્રષ્ટિએ મોખરાનું સ્થાન ધરાવે છે. ગુજરાતના છેવાડા સુધી શહેરોમાં દાહોદ ડેપોથી વિવિધ બસોની સુવિધાઓ છે. જેમાં દાહોદ ડેપોથી સવારે ૦૬.૦૦ કલાકે દાહોદથી વડોદરા તેમજ દાહોદથી અમદાવાદ નોન સ્ટોપ બસ સેવા શરૂ કરવી, અમદાવાદ વડોદરા જતા મુસાફરોને નોન સ્ટોપ બસ સુવિધાથી સમયની બચત થશે. ઝડપી મુસાપરીનો લાભ મુસાફરોને મળશે તેમજ દાહોદથી નાથજી સ્લીપર બસની સીધી બસ સેવા નથી. શ્રીનાથજી (નાથદ્વારા) પવિત્ર ધામ છે. દાહોદ શહેર તમજ આજુ બાજુની પ્રજા નાથજી દર્શન અર્થે બહોળા પ્રમાણમાં જતાં હોય જેથી તાત્કાલિક ધોરણે દાહોદ થી શ્રીનાથજી બસ સેવા સાંજે ૭.૦૦ કલાકથી આસપાસ સ્લીપર બસ શરૂ કરવા તેમજ કેશોદ ડેપોથી કેશોદ-દાહોદ સાંજે ૦૬.૦૦ કલાકે તથા દાહોદ-કેશોદ પરત રાત્રી ૦૮.૦૦ કલાકે રવાના થતી રૂટવાળી સાદી બસના બદલે સ્લીપ કોચ બસ ચાલુ કરવા માટે દાહોદ જીલ્લા નાગરિક વિકાસ સમિતિ, દાહોદ તેમજ દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી દ્વારા વિભાગીય એસ.ટી. નિયામક કચેરી, ગોધરા તેમજ ગૃહ મંત્રી હર્ષ સંઘવીને લેખિત રજુઆત કરવામાં આવી હતી.

## દાહોદ જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને પ્રિમોન્સૂન કામગીરીના આયોજન અંગેની સમીક્ષા બેઠક યોજાઈ

દાહોદ,

દાહોદ જીલ્લા કલેક્ટર યોગેશ નિરગુડેના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે વર્ષાઋતુ-૨૦૨૪ પ્રિ-મોનસુન કામગીરીના આયોજન અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી. દર વર્ષે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ચોમાસા પૂર્વે, ચોમાસા દરમિયાન અને ચોમાસા બાદ તકેદારીના પગલાં, નાગરિકોને માર્ગદર્શન તેમજ આપત્તિ વ્યવસ્થાપન અંગે કાર્યવાહી વગેરે બાબતોનું સુચારૂ આયોજન કરવામાં આવતું હોય છે. જેને ધ્યાનમાં રાખતા સમગ્ર દાહોદ જીલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન અંતર્ગત તમામ તાલુકા સ્તરે લાયઝન અધિકારીની નિમણુંક કરવામાં આવી છે. સમીક્ષા બેઠકમાં જીલ્લા કલેક્ટર યોગેશ નિરગુડેએ વાવાઝોડા અને અતિવૃષ્ટિ દરમિયાન બચાવ અને રાહત કામગીરી, જર્જરિત મકાનો સમયસર ઉતારી લેવા, તળાવોની સફાઈ, વિવિધ નદીપટની સફાઈ, વોર્ડ કે તાલુકા અનુસાર રેસ્ક્યુ ટીમ બનાવવી, અગમચેતીના સંદેશા પહોંચાડવા માટેની નેટવર્કિંગ સિસ્ટમ, કંટ્રોલ રૂમમાં ફરજ સોંપણીના હુકમ તૈયાર કરવા, અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા નાગરિકોની યાદી, તરવૈયા, આપદામિત્રોની યાદી, શ્રમિકોનીયાદી, સ્થળાંતર માટેના વાહનો અને આશ્રય સ્થળોની વ્યવસ્થા, પીવાનું પાણી, હેન્ડ સેનિટાઈઝર, દવાની વ્યવસ્થા, વરસાદી પાણીનો નિકાલ, પશુઓ માટે રસીકરણ અને પૂરતા પ્રમાણમાં ઘાસચારાની વ્યવસ્થા, જુના રોડ-રસ્તાનું રીપેરીંગ વગેરે અગત્યના મુદ્દાઓ પર વિવિધ વિભાગના અધિકારીઓ સાથે વિસ્તૃતપણે ચર્ચા કરી હતી. આ ઉપરાંત, ડેમ-કેનાલના દરવાજાની ચકાસણી અને સફાઈ, જરૂરી સ્થળો પર વાયરલેસ નેટવર્ક ગોઠવવા, તાલુકા કક્ષાએ ૨૪૭૭ કંટ્રોલ યુનિટ સેટઅપ, કોઝવે પર સાઈન માર્ક કરવા, વૈકલ્પિક રસ્તાઓની યાદી, વીજળીના તૂટેલા તાર, જોખમી વીજ પોલ નિકાલની કામગીરી, અનાજ પુરવઠાની જાળવણી, આરોગ્ય કેન્દ્ર હોસ્પિટલોમાં સાધનો, દવાઓ, રસીનો પૂરતો સ્ટોક પહોંચાડવા, સગર્ભા, વૃદ્ધોને તાત્કાલિક સારવાર અપાવવી, પીવાના પાણીનું નિયમિત ક્લોરિનેશન, રોગચાળો ફેલાતો અટકાવવા જંતુનાશક દવાઓના જથ્થા, પશુઓનું રસીકરણ કરવું, જંતુનાશક દવાનો છંટકાવ કરવો, જીલ્લા કંટ્રોલ રૂમ સાથે તમામ વિભાગોનું સંકલન બની રહે, વીજશોક ટાળવા માટેની કામગીરી, જનરેટર ઈન્વર્ટરની વ્યવસ્થા, અસરગ્રસ્તોને ખસેડવા માટે વાહનની વ્યવસ્થા, વાવઝોડા અને અતિવૃષ્ટિ દરમિયાન સાવચેતીના સંદેશાની બહોળા પ્રમાણમાં પ્રચાર-પ્રસાર અને ખેડૂતોને સમયસર માહિતી મળે- આમ તમામ એ ટુ ઝેડ મુદ્દાઓ પર જીલ્લા કલેકટરએ બધા વિભાગોના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી અને પ્રિ મોન્સૂન અને પોસ્ટ મોનસૂન કામગીરીમાં કોઈપણ રીતે કચાસ ના રહે, કોઈ જાનહાનિ ના થાય તે માટે સર્વે કર્મયોગીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. ઉક્ત સમીક્ષા બેઠકમાં જીલ્લા પોલીસ વડા ડો રાજદીપસિંહ ઝાલા, નિવાસી અધિક કલેક્ટર જે.એમ.રાવલ, સર્વે પ્રાંત અધિકારીઓ, સહિત સંકલનના અધિકારી ઓ, સર્વે મામલતદાર ઓ તાલુકા વિકાસ અધિકારીઓ, તથા અન્ય કર્મચારીગણ હાજર રહ્યા હતા.

## ફતેપુરા તાલુકાના જેટકો કંપનીમાંથી નિવૃત્ત થયેલા વૃદ્ધ કર્મચારીને પેન્શન માટે ધકકા


ફતેપુરા,

ફતેપુરા તાલુકાના છાલોર ગામે રહેતા અને વર્ષ-૧૯૮૯થી ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કંપની લિ.નડિયાદ ડીવીઝન ખાતે કાયમી વોચમેન તરીકે ફરજ બજાવી વર્ષ-૨૦૧૫માં નિવૃત્ત થયેલ કર્મચારીને નડિયાદ જેટકોના જવાબદાર અધિકારીઓ દ્વારા પેન્શનનો લાભ મેળવવા છેલ્લા ૯ વર્ષથી ધરમ ધકકા ખવડાવી રહ્યા હોવાનુ જાણવા મળે છે. મોબાઈલથી પેન્શન કાર્યવાહી માટે પુછપરછ કરતા જેટકો કંપનીમાં ફરજ બજાવતા નડિયાદ ખાતેના જવાબદાર અધિકારી દ્વારા પેન્શન બાબતે પુછપરછ કરશો તો પોલીસ કેસ કરવાની ધમકી આપી એક નિવૃત્ત વૃદ્ધ કર્મચારીને પોતાના હકથી વંચિત રાખવા અને સરકારના નિયમોની ઐસી તૈસી કરી અન્યાય કરવામાં આવી રહ્યો હોવાનુ જાણવા મળેલ છે.

ફતેપુરા તાલુકાના છાલોર ગામના ખાતુભાઈ હિરાભાઈ પારગી વર્ષ-૧૯૮૯થી ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કંપની લિ.જેટકો ખાતે ૨૨૦ કે.વી.કપડવંજ એસએસમાં વોચમેન તરીકે ફરજ બજાવી રહ્યા હતા. અને વર્ષ-૨૦૧૫માં નિવૃત્ત થયા હતા. નિવૃત્તિ બાદ સરકારના નિયમોનુસાર મળવાપાત્ર પેન્શન અંગે જે તે સમયે જરૂરી દસ્તાવેજો પણ કચેરીમાં જમા કરવામાં આવ્યા છતાં હજુ સુધી ઘટતી કાર્યવાહી કરાઈ નથી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.224

# ગોધરા મુસ્લિમ સમાજના ઈતિહાસમાં પ્રથમ વખત ફિઝિક્સ વિષયમાં Ph.D. સિદ્ધિ હાંસિલ કરનાર ડો. સલમાન ઈલ્યાસ ઝભા



ગોધરા, તા. ૧૫ /૦૫/ ૨૦૨૪ના રોજ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી માંથી ફિઝિક્સ વિષયમાં Ph.D. ડોકટરેટની સિદ્ધિ હાંસિલ કરી ગોધરા મુસ્લિમ સમાજના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નામ નોંધાયુ છે. તેઓ તારિખ ૦૨/૦૯/૧૯૯૬ના રોજ અધૂરા માસે ગરીબ પરિવારમાં જન્મેલા અને દવાની જરૂર પડતાં એમના પિતાએ પોતાના રોજગારનું સાધન રીક્ષા વેચી એમનો ઈલાજ કરાવ્યો. બચપણમાં પિતાની લાગણી અને તાલીમમાં દીન અને દુનિયાનું મહત્વ સમજાવી સલમાનને આત્મનિર્ભય બનાવ્યાં. વાંચનનો શોખ ધોરણ-૯ માં પિતા દ્વારા ગીફ્ટમાં A.P.J. અબ્દુલ કલામની આત્મકથા પુસ્તક માંથી થયો અને વિજ્ઞાન વિશેનું મહત્વ પિતાએ જ સમજાવ્યું. ત્યારથી જ મક્કમ મનોબળ સાથે વિજ્ઞાનક્ષેત્રે જ આગળ વધવાનું નિર્ણય કર્યો. હાઈસ્કુલનું શિક્ષણ નૂતન સ્કૂલમાં અને હાયર સેકંડરીનું શિક્ષણ ધી ઈકબાલ યુનિયન ખાતે લીધું.

૧૨-સાયન્સમાં સારા માર્ક્સે ઉતીર્ણ થતા અને ભૌતિક વિજ્ઞાનમાં વિશેષ રસ ધરાવતા હોવાથી બી.એસસી. કોલેજમાં એમના પિતા સલમાનને B.Sc.Physics honsનો ૩ વર્ષનો કોર્સ M.S. Universityમાં અપાવ્યો. સલમાન કોલેજમાં આવ્યો. ત્યારે મેરિટ લીસ્ટમાં તો આવી ગયો પરંતુ એની ફી એમના પિતા માટે મોંઘી હતી. કોલેજમાં એડમીશન લેવા માટે ઘરનો ચુલો બંધ રાખી અને સ્કુટી વેચી ફી ભરી હતી. સલમાનને શરૂઆતથી જ ખુબ મહેનત કરી અને Ph.D. બનવાનું અને એમના ઘરની પરિસ્થિતી સુધારવાનું સપનું જોયું પણ ખુદાને જાણે કંઈ બીજું મંજુર હશે. B.Sc.ના 5th Semester એ સલમાને પિતાની છત્રછાયાં ગુમાવી. ગરીબી, ડર, હતાશ અને અંધકારમય જીંદગીમાં રોશની રૂપે ફિઝિક્સ વિષયને સર્વોચ માની અથાગ મહેનત કરી M.Sc. Applied Physics M.S. Universityમાં અભ્યાસક્રમ શરૂ કર્યું. ઘરની પરિસ્થિતિ માટે સાંજે ટ્યુશન શરૂ કર્યા. દિવસ રાત ખુબ મેહનત કરી ટ્યૂશન આપવાની સાથે બી.એડ.ની ડિગ્રી મેળવી અને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટિમાં ૨૦૨૧ માં પ્રવેશ પરીક્ષા પાસ કરી પોતાનું અને પિતાનું સપનું સાકાર કરવા માટે Ph.D. Physics Departmentમાં એડમિશન લીધું. ૩ yearsના કોર્સમાં મહેનત અને લગન સાથે રિસર્ચ કામ પૂર્ણ કરી તારીખ ૧૫/૦૫/૨૦૨૪ ના રોજ ડોક્ટરેટની પદવી હાંસિલ કરી. Dr. Salman Zabhaના મહેનત, પરીશ્રમ અને ધગશને સલામ અને સાથે તેના માતા-પિતાના લાગણી, પરવરિશ અને બલિદાનને સલામ અને ખૂબ ખૂબ અભિનંદન. ગોધરાના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નામ નોંધાયું છે.

# ચલાલી ગામ નજીકથી પસાર થતી ગોમા નદીનો પુલ જોખમી : મોરબીની જેમ કોઈ દુર્ઘટના સર્જાય તેની રાહ જોતું તંત્ર



કાલોલ, પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકાના ચલાલી ગામે પુલ પાયાના તળીયેથી ગોમા નદીના પાણીના પ્રવાહમાં વિકાસ ધોવાયો અને ભ્રષ્ટ્રાચાર બહાર આવ્યો. એક-બે વર્ષ પેહલા પણ પુલના સેન્ટરના પાયાના તળિયા ધોવાતા પાયા ઊંચકાયા હોઈ તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. જે ન્યુઝ પેપરોમાં પ્રકાશિત થાય બાદ બહેરા તંત્રની આંખ ખુલી અને પાયાનું સમારકામ કર્યું હતું. ચલાલી થી કરોલી અડાદરા તરફ જવાના માર્ગ ઉપર આવતી ગોમા નદી ઉપર વર્ષ ૨૦૧૨માં લગભગ રૂપિયા ચાર થી પાંચ કરોડના ખર્ચે તૈયાર થયેલા પુલના અંદાજીત નવ- દસ વર્ષના ટૂંકા ગાળામાં પાયાના ભાગેથી કોંક્રિટ ખરી પડતા પાયાના તળીયેથી પાયો અદ્ધર લટકતા જોવા મળ્યા પાયાના તળીયે સળિયા દેખાતા આ પુલની કામગીરી અને ગુણવત્તા સામે વારંવાર સવાલો ઊભા થઈ રહ્યા છે, પેહલા જે સ્થતિ સર્જાય હતી. તેજ રીતે બીજા પાયાના તળીયાના ભાગે તેજ સ્થતિ જોવા મળી રહી છે. ગોમા નદીના પુલ અંગે જવાબદાર તંત્ર દ્વારા પૂર્ણ માપદંડ મુજબ પુલનું એસ્ટીમેન્ટ અને ગુણવત્તાની ચકાસણી કરી તાત્કાલિક અસરથી જવાબદાર કોન્ટ્રાક્ટર સામે અસરકારક કાર્યવાહી કરવા લોક માંગ ઉઠી છે. ચલાલી, કરોલી, સુલતાનપુરા, સીમલીયા, અડાદરા બારીયા તરફના અનેક ગામોને જોડતા ગોમાનદી ઉપર કરોડો રૂપિયાના ખર્ચે બનેલા આ પુલને માંડ નવ- દશ વર્ષ થયાં હશે. ત્યારે પુલના પાયાના તળીયાના ભાગમાં સિમેન્ટ કોંક્રીટ ખરીને સળિયાઓ બહાર નીકળી જતા અને તળિયેથી પાયો ઉંચકાઈ ગયો હોઈ તેવું સ્પષ્ટ દેખાય રહ્યું છે. પુલના અસ્તિત્વ સામે જોખમ ઊભું થતાં કોઈ મોટી હોનારત સર્જાય તેવી શક્યતા વધી ગઈ છે . અધિકારીઓની મીલીભગતના પાપે વિકાસના કામોમાં ભ્રષ્ટ્રાચાર દૂર થતો નથી અને તેનો ભોગ નિર્દોષ નાગરિકોને બનવું પડે છે. સ્થાનિક તંત્ર અને માર્ગ મકાન વિભાગના અધિકારીએ સ્થળ ઉપર તપાસ કરી ગુણવત્તાની ચકાસણી કરી યોગ્ય કામગીરી કરવામાં આવે, આ જાળી ચામડીના કોન્ટ્રાક્ટરો કરોડો રૂપિયાના ટેન્ડરો પાસ કરાવી કોન્ટ્રાકટ મેળવી અધિકારીઓની મીલીભગત થી કરોડો રૂપિયાનો ભ્રષ્ટ્રાચાર કરી કોઈ દિવસ જોવા પણ ફરકતા નથી. ચલાલી થી કરોલી જોડતા ગોમા નદીના પુલના પાયાનું સમારકામ સત્વરે કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

# વેજલપુર ઘૂસર રોડ ઉપર આંગણવાડીની સામે ગટરો ઉભરાતા ગંદા પાણીને લઈને સ્થાનિક રહીશો ત્રાહિમામ



વેજલપુર, વેજલપુર ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં આવેલ ઘૂસર રોડ ઉપર આંગણવાડીની સામે અને તળાવની પાળ ઉપર ગંદકીનું સામ્રાજય જોવા મળી રહ્યું છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી પ્લોટ વિસ્તારના પાછળના ભાગમાં આવેલ ગટર બ્લોક થતા તેનું ગંદુ પાણી ચેમ્બર માંથી બહાર નીકળીને રોડ ઉપર પ્રસરી રહ્યું છે. ત્યારે રોડ ઉપર આજુબાજુમાં પડેલા ખાડા પાણીથી ભરાઈ ગયાં હોય તેમ દેખાઈ રહ્યા છે. ત્યારે બાઈક સવાર પોતાની બાઈક સાથે ખાડામાં પડતા હોય છે, તેમજ રહેમત નગર સોસાયટીના સ્થાનિક રહીશોને રાત્રી દરમિયાન અવર જવર કરવામાં તકલીફ પડી રહી છે. ત્યારે આ ગટરની સમસ્યા અંગેની સભ્યોને તેમજ ગ્રામ પંચાયતમાં સ્થાનિક રહીશો એ અનેક વખત જાણ કરી હોવા છતાં કુંભકર્ણની નિંદ્રામાં ઊંઘી રહેલ વહીવટી તંત્ર જાણે અજાણ હોય તેમ લાગી રહું છે. ત્યારે આ વિસ્તારના સ્થાનિક રહીશો અને આજુબાજુ ગામના લોકો ગંદકીથી તાહીમામ પોકારી અને કંટાળીને કંટારી ગયા છે. આંગણવાડીની આજુ બાજુમાં ખુબજ મોટા પ્રમાણમાં ગંદકીથી ઉભરાતી ગટરોનું ગંદુ પાણી ખુબજ દુગંધ મારી રહયુ છે અને તળાવની પાળ ઉપર ઠલવાતી ગંદકી થી સ્થાનિક રહીશો અને આજુબાજુના ગ્રામજનોને ત્યાંથી નીકળવું મુશ્કેલ બન્યું છે. જેથી વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા વહેલી તકે કામગીરી કરે તેવી લોક માંગ ઉઠી છે.

# પોલીસ પરિવાર સદ્દભાવના સમિતિ ગોધરા દ્વારા પોલીસ હેડકવાર્ટસ ખાતે ૧૬ મેની કોમી એકતા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું




ગોધરા, પંચમહાલ જીલ્લા પોલીસ પરિવાર સદ્દભાવના સમિતિ ગોધરા હિન્દુ-મુસ્લીમ કોમી એકતા ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું છે. ૧૬મે થી પોલીસ હેડકવાર્ટસ ગોધરા ખાતે ટુર્નામેન્ટ યોજાશે.પંચમહાલ જીલ્લા પોલીસ પરિવાર દ્વારા કોમી એકતા જળવાઈ રહે અને ભાઈચારો બની રહે તેવા ઉમદા હેતુથી પોલીસ પરિવાર કોમી એકતા સમિતિ ગોધરા દ્વારા તા.૧૬મે થી હિન્દુ-મુસ્લીમ કોમી એકતા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું. આ ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજક પપ્પુભાઈ સૈયદ (પાલિકા સભ્ય), અઝહરખાન પઠાણ, આશીષ લાલવાણી, રાહુલ જાદવ, આદીલ વ્હોરા દ્વારા કરવામાં આવ્યું છે.

# હાલોલ-વડોદરા હાઈવે સનફાર્મા પાસે સાઈડ લાઈટ વગર ઉભેલ ટ્રક પાછળ ૧૯ વર્ષિય બાઈક ચાલક અથડાઈ જતાં મોત

હાલોલ, હાલોલ-વડોદરા હાઈવે રોડ સનફાર્મા કંપની પાસે આરોપીએ પોતાની ટ્રક કોઈ સિગ્નલ કે સાઈડ લાઈટ ચાલુ રાખ્યા વગર બીજા વાહન ચાલકની જીંદગી જોખમાય તે રીતે મુકેલ હોય ત્યારે બાઈક ચાલક ૧૯ વર્ષિય યુવક પોતાની બાઈક ટ્રકની પાછળના ભાગે અથડાઈ જતાં ચાલકને ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન મોત નીપજવા પામ્યુ હતુ.

પ્રાપ્ત માહિતી મુજબ હાલોલ-વડોદરા હાઈવે રોડ ઉપર સનફાર્મા કંપની પાસે ટ્રક નં.જીજે-૩૧-ટી-૧૯૩૭ના ચાલકે કોઈ સિગ્નલ કે સાઈડ લાઈટ વગર બીજા વાહન ચાલકની જીંદગી જોખમાય તે રીતે રોડ ઉપર ઉભી કરેલ હતી. ત્યારે મોટરસાયકલ નં.જીજે-૧૭-સીબી-૯૪૩૪ના ચાલક હરીવંદન રશ્મિકાંત મકવાણા(ઉ.વ.૧૯, રહે.આનંદપુરા, હાલોલ)સાઈડ લાઈટ કે સિગ્નલ વગર ઉભેલ ટ્રકનો ખ્યાલ નહિ આવતા ઉભેલ ટ્રક સાથે ધડાકાભેર અથડાતા જેને લઈને હરીવંદન મકવાણાને માથાના ભાગે તેમજ પાછળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુ. આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ગોધરા સબ જેલમાં સ્કવોર્ડની ચેકિંગ દરમિયાન બેરેક નં.-૨માં આરોપી પાસેથી મોબાઈલ મળ્યો




ગોધરા, ગોધરા સબ જેલમાં જેલર ગ્રુપ-૨ ઝડપી સ્કવોર્ડ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન બેરેક નં.-૨માં આરોપી ની અંગઝડપી દરમિયાન મોબાઈલ ફોન મળી આવ્યા હતો. જયારે સીમકાર્ડ બિનવારસી હાલતમાં મળી આવતા આ બાબતે એ-ડીવીઝન પોલીસ મથકે ગુનો નોંધાવવા પામ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા સબ જેલમમાં અમદાવાદ જેલર ગ્રુપ-૨ના ઝડપી સ્કવોર્ડ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન બેરેક નં.-૨ આરોપી શાહિદ સિદ્દીક ઈસ્માઈલ પઠાણની અંગઝડપી કરતા કેચાડા કંપનીનો મોબાઈલ ફોન કિ.રૂ.૨૧૦૦/- તેમજ સીમકાર્ડ-૧ ચાલુ હાલતમાં બિનવારસી મળી આવેલ હોય આ બાબત ગોધરા એ-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

# શહેરાના મોર ઉંડારા ગામ પાસે પાનમ નદીમાં ખાણ ખનિજ ટીમે છાપો મારી લીઝ વગર રેતી કાઢતા જેસીબી અને પાંચ ટ્રેકટર ઝડપ્યા



શહેરા, શહેરા તાલુકાના મોર ઊંડારા ગામ પાસે પસાર થતી પાનમ નદીના પટ માંથી જીલ્લા ખાણ ખનીજ વિભાગના ભૂસ્તર શાસ્ત્રી નીરવ ગામીત અને તેમની ટીમે લીઝ વગર રેતી કાઢી રહેલ જેસીબી મશીન અને ૫ ટ્રેક્ટરને પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. જેસીબી મશીન અને પાંચ ટ્રેક્ટર મળી અંદાજીત ૭૦લાખ ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

શહેરા તાલુકાના મોર ઊંડારા ગામ પાસે પસાર થતી પાનમ નદીના પટમાં ગેરકાયદે ખનન થઈ રહેલ હોવાની માહિતી ખાણ ખનીજ વિભાગના ભૂસ્તર શાસ્ત્રી નીરજ ગામીતને મળેલ હતી. મળેલી માહિતીના આધારે ભુસ્તરશાસ્ત્રી નીરજ ગામીત, રોયલ્ટી ઈન્સ્પેકટર હિતેશભાઈ રામાણી, માઈન્સ સુપરવાઈઝર પૃથ્વીરાજસિંહ ચૌહાણ સહિતની ટીમ પાનમ નદીના પુલથી નદીમાં ચાલતા ચાલતા ગેરકાયદે ખનન થઇ રહેલ સ્થળ સુધી પહોંચી ગયા હતા. નદી ખાતે લીઝ નહિ હોવા છતાં બિનઅધિકૃત ખનન થઈ રહેલ અને જેસીબી મશીનથી રેતી ટ્રેક્ટરમાં ભરવામાં આવી રહી હતી. નદી ખાતેથી ખાણ ખનીજ વિભાગે જેસીબી મશીન અને પાંચ ટ્રેક્ટરને પકડી પાડયા હતા. નદી ખાતેથી જેસીબી મશીન, ટ્રેકટર સહિતના મુદ્દામાલ ને નજીકના પોલીસ મથક ખાતે મૂકીને જરૂરી કાર્યવાહી હાથધરી હતી. ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા જેસીબી મશીન અને પાંચ ટ્રેકટર સાથે અંદાજીત રૂપિયા ૭૦ લાખનો મુદ્દામાલ કબજે લેવા સાથે નદી ખાતે બિનઅધિકૃત થયેલ ખનન સ્થળ ઉપર ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા માપણી કરીને દંડકીય સહિતની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે ખનીજ ચોરી કરતા વાહનો ખાણ ખનીજ વિભાગ પકડી પાડતા હોય અને ખનીજ ચોરો દંડ ભરીને વાહનો છોડાવી પણ લેતા હોય ત્યારે ખનીજ માફિયા સામે દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવવી જોઈએ જેથી નદી, કોતર તેમજ અન્ય જગ્યાએ થતી ખનીજ ચોરી અટકી શકે તો નવાઈ નહી.

# ગોધરા-વડોદરા હાઈવે બેઢીયા ગામે નાકાબંધી દરમિયાન પીકઅપ ડાલામાંથી ૬૯ હજારના બિયરના જથ્થા સાથે એક આરોપી ઝડપાયો




ગોધરા, ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપરથી પીકઅપ ડાલાને પોલીસે નાકાબંધી દરમિયાન રોકી હતી. તપાસ દરમિયાન પીકઅપ ડાલામાંથી ઈંગ્લીશ દારૂ બિયરની પેટીઓ નંગ-૨૫ કિ.રૂ.૬૯,૦૦૦/-તથા પીકઅપ ટેમ્પો મળી કુલ રૂ.૨,૧૯,૦૦૦/-ના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપર બેઢીયા ગામે રોડ ઉપર એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે નાકાબંધી કરી વાહનોની તપાસ હાથ ધરાઈ રહી હતી દરમિયાન આરોપી ઈસમ મનહરસિંહ ઉર્ફે લાલો છત્રસિંહ જાદવ(રહે.અડાદરા, કાલોલ)બોલેરો પીકઅપ ડાલુ લઈને પસાર થતો હોય જેને રોકીને તપાસ કરતા દરમિયાન ઈંગ્લીશ દારૂની બિયર ટીન પેટીઓ નંગ-૨૫ જેની કિ.રૂ.૬૯,૦૦૦/-તથા તાડપત્રી અને પીકઅપ ડાલુ મળી કુલ ૨,૧૯,૦૦૦/-નો મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે વેજલપુર પોલીસ મથકે પ્રોહિબિશન એકટ હેઠળ ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# હાલોલ તુલસીવિલાની પાછળ કન્ટ્રકશન સાઈટ ઉપર કામ કરતા કારીગરના ગળે પથ્થર કાપવાની કટર ફરી વળતા ઘટનાસ્થળે મોત

હાલોલ, હાલોલના કણજરી રોડ ઉપર તુલસીવીલાની પાછળ મારૂતિ ગ્રીન નામે રહેણાંકના મકાનોની ચાલી રહેલી બાંધકામ સાઈટ ઉપર પથ્થર અને ટાઈલ્સ ફિટિંગનું કામ કરી રહેલા એક કારીગરનું અકસ્માતમાં મોત નીપજ્યું છે. છોટાઉદેપુર જીલ્લાના પાવીજેતપુર તાલુકાના કદવાલ નવાપુરા ગામના કારીગર અને મજૂર અત્રે બાંધકામ સાઈટ ઉપર કામ કરી રહ્યા હતા. ત્યારે ચાર વાગ્યે કારીગર ગોરધન રતનભાઈ બારીઆ મજૂર દલપતભાઈ બારીયા સાથે મકાનની બારીનું ગ્રેનાઈટ પથ્થરનું ચોકઠું ફિટ કરી રહ્યા હતા.

પાંચ ફૂટ ઉંચાઈએ કામ કરવાનું હોય છે. ગોરધનભાઈ પાલક ઉપર કટર મશીન સાથે ચડયા હતા અને કટર ચાલુ કરી પથ્થરનું સેટિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન પાકલ નમી જતા તેને બેલેન્સ ગુમાવતા ચાલુ કટર મશીન તેમના હાથમાંથી છટકી ગળા ઉપર ફરી જતા ગળું કપાઈ ગયું હતું. અકસ્માત બાદ જમીન ઉપર પછડાઈ પડેલા ગોરધન બારીયાના ગળામાંથી લોહી વહી જતા ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી, પરંતુ સારવાર મળે તે પહેલાં જ તેનું મોત નીપજ્યું હોવાની હકીકત સાથે કામ કરી રહેલા મજૂર દલપતભાઈએ જણાવી હતી. ગોરધનભાઈ બારીયાના મૃતદેહને હાલોલ સરકારી હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી હાથ ધરાઈ હતી.

# ગોધરા વાંસાપુર સીમમાં નીલગીરીના ખેતરમાં જુગાર રમતા ૫ જુગારીયાઓને એલસીબી પોલીસે ઝડપ્યા

ગોધરા, ગોધરા વાંસાપુર ગામની સીમમાં રેલ્વે લાઈન નજીક આવેલ નીલગીરીના ખેતરમાં કેટલાક ઈસમો પાના પત્તાનો જુગાર રમતા તેવી બાતમીના આધારે એલસીબી પોલીસે રેઈડ કરી ૫ જુગારીયાઓને ૧૧,૧૨૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા બી-ડીવીઝન પોલીસ મથકના હદ વિસ્તાર વાંસાપુર ગામની સીમમાં રેલ્વે લાઈન નજીક આવેલ નીલગીરીના ખેતરમાં ખુલ્લામાં કેટલાક ઈસમો પાના પત્તાનો જુગાર રમી રહ્યા છે તેવી બાતમીના આધારે એલસીબી પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ઈદરીસ સિદ્દીક ટપલા ઉર્ફે ભુરીયો, સઈદ અહેમદ બદ્દુ, રફીક યુસુફ બહેરા, રમજાની સાદીક હઠીલા, મહેબુબ ઉર્ફે મેબલી ઈસ્હાક કલંદરને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલ જુગારીયાઓની અંગઝડતીમાં રોકડા રૂ.૫,૦૩૦/-તથા દાવ ઉપર મુકેલ ૬,૦૯૦/-રૂપિયા કબ્જે લઈ આ બાબતે ગોધરા બી-ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવવા પામી છે.

# મોરવા(હ)ના ગોભણીના પેટ્રોલપંપમાં ગેરરિતી જણાતા પુરવઠા અધિકારીએ ૧.૩૧ લાખનો દંડ ફટકાર્યો

ગોધરા, મોરવા(હ)તાલુકાના ગોભણી ગામે વિજયા લક્ષ્મી પેટ્રોલપંપની ૧૩ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ પુરવઠા અધિકારીએ તપાસ હાથ ધરી હતી. જેમાં ગેરરિતી જણાતા પુરવઠા વિભાગે ૬૫૨ લીટર પેટ્રોલ તથા ૭૧૯ લીટર ડીઝલ મળીને કુલ ૧૩૭૧ લીટર પેટ્રોલ-ડીઝલનો જથ્થો સીઝ કર્યો હતો. સીઝ કરેલ જથ્થાનો કેસ કલેકટરને સબમીટ કર્યો હતો. કલેકટર દ્વારા કેસ ચલાવી કેસના ગુનાના આધારે વિજયા લક્ષ્મી પેટ્રોલપંપના માલિકને રૂ.૧,૩૧,૪૯૩/-નો દંડનો હુકમ કરાયો હતો. જે રકમ પેટ્રોલપંપના માલિક દ્વારા ચલણ ભરી અસલ ચલણ તા.૯મેના રોજ રજુ કરી હતી. જયારે વિજયા લક્ષ્મી પેટ્રોલપંપ પર ગેરરિતી મળતા પુરવઠા અધિકારીએ ઈંધણ કંપનીને એજન્સી રદ્દ કરવાનો પત્ર લખ્યો છે.